Download From 247naukri.blogspot.in


New Addition 2017



# શ્રી જી ઇન્ફોટેક કોચીંગ ક્લાસ,બોડેલી

*Pro.Kiran.R.Parmar*

# શિક્ષક અભિયોગ્યતા

- શિક્ષણની ફિલસૂફી
- શૈક્ષણિક મનોવિજ્ઞાન
- વર્ગવ્યવહાર અને મૂલ્યાંકન
- અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો સહિત







૧૯,શિવ કોમ્પ્લેક્ષ,બસ.ડેપોની સામે,અલીપુરા,બોડેલી,જી.છોટાઉદેપુર-૩૯૧૧૩૫,મો.નં૯૭૧૨૦૦૭૪૩૮
Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



(૧) "જ્ઞાનશક્તિ" નામનું મુખપત્ર કઇ સંસ્થા બહાર પાડે છે ?

ઉત્તર : સર્વ શિક્ષા અભિયાન.

(૨) "હું શિક્ષણમાં મનોવિજ્ઞાન પ્રયોજીશ" - આવું વિધાન કયા મનોવૈજ્ઞાનિકે કર્યું હતું ?

ઉત્તર : પેસ્ટોલોજી.

(૩) "માનવીની સંપૂર્ણ વ્યક્તિમતાનું પ્રગટીકરણ એટલે કેળવણી"- આ કેળવણીની વ્યાખ્યા કોને આપી ?

ઉત્તર : સ્વામી વિવેકાનંદ.

(૪) જી.સી.ઇ.આર.ટી દ્વારા થયેલ સર્વેક્ષણ SAP નું પૂરું નામ શું છે ?

ઉત્તર : સ્ટુડન્ટ એચિવમેંટ પ્રોફાઇલ.

(૫) અભિસંધાનમાં ઉદ્દીપકને બદલે પ્રતિચારને અનિવાર્ય ગણનાર મનોવૈજ્ઞાનિક કોણ હતાં ?

ઉત્તર : સ્કીનર.

(૬) શારીરિક વિકાસમાં સ્થિરતા અને બાળકનું સ્વાવલંબી બનવું આ લક્ષણો કંઇ અવસ્થામાં જોવા મળે છે ?

ઉત્તર : કિશોરાવસ્થા.

(૭) "કુદરત દ્વારા મળતી કેળવણી એ જ સાચી કેળવણી" સંકલ્પના કોણે આપી ?

ઉત્તર : રૂસો.

(૮) પરીક્ષામાં ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થી પરીક્ષકનો વાંક કાઢે છે. – આ કયા પ્રકારની બચાવ પ્રયુક્તિ છે ?

ઉત્તર :પ્રક્ષેપણ.

(૯) બાળવિકાસ અને શિક્ષણના સિદ્ધાંતો સૌપ્રથમ કોણે આપ્યાં ?

ઉત્તર : મેડમ મારિયા મોંટેસોરી.

(૧૦) એન.સી.એફ.2005માં કંઇ બાબત પર સૌથી વધું ભાર મુકવામાં આવ્યો છે ?

ઉત્તર : જ્ઞાનનું સર્જન.

(૧૧) ક્ષમતાકેંદ્રી શિક્ષણ સાથે કંઇ બાબત સૌથી વધું લાગું પડે છે ?

ઉત્તર :અધ્યયનના ક્ષેત્રો મુજબ ક્ષમતાઓ.

(૧૨) ગાંધીજી પ્રેરિત બુનિયાદી શિક્ષણના સિદ્ધાંતોમાં કોનો સમાવેશ થતો નથી ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર: વ્યાવસાયિક શિક્ષણ.

(૧૩) વિદ્યાર્થીઓના મૂલ્યાંકન અંગે અદ્યતન સંકલ્પના કઇ છે ?

ઉત્તર : સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન.

(૧૪) ધો-૭માં ભણતી વિદ્યાર્થીની તાસ દરમ્યાન વર્ગવ્યવહારમાં સંકોચ અનુભવે છે અને પ્રશ્નોના જવાબ આપવાનું

ટાળે છે.શિક્ષક તરીકે તમે શું કરશો ?

ઉત્તર : વર્ગમાં ગૃપ ચર્ચામાં તથા સહઅભ્યાસિક પ્રવૃતિમાં ભાગ લેવા પ્રેરીશ.

(૧૫) શિક્ષકે વર્ગવ્યવહારને અસરકારક બનાવવા શું કરવું જોઇએ ?

ઉત્તર : એકમની પૂર્વ તૈયારી કરી વર્ગખંડમાં જવું જોઇએ.

(૧૬) શાળાએ મોડા આવીને અનંત જુદા જુદા બહાના રજુ કરે છે તો તેના વર્તનને શું કહીં શકાય ?

ઉત્તર : યોક્તિકીકરણ.

(૧૭) વર્ગખંડમાં થતો ઘોંઘાટ એ શું સૂચવે છે ?

ઉત્તર : અસરકારક વર્ગવ્યવહારનો અભાવ.

(૧૮) વર્ગખંડમાં કંઇ બાબત સૌથી વધુ અગત્યની છે ?

ઉત્તર : અસરકારક પ્રત્યાયન.

(૧૯) ગુજરાતમાં પાયાની કેળવણી માટે 'મૂછાળી મા' તરીકે જાણીતા શિક્ષણશાસ્ત્રીનું કયુ પુસ્તક પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યું છે ?

ઉત્તર : દિવાસ્વપ્ન.

(૨૦) ભાષાના ઉપયોગ વગર થતા પ્રત્યાયનને કયું પ્રત્યાયન કહેવાય છે ?

ઉત્તર : અશાબ્દિક પ્રત્યાયન.

(૨૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા કયું શૈક્ષણિક સામાયિક પ્રસિદ્ધ કરવામાં આવે છે ?

ઉત્તર : જીવન શિક્ષણ.

(૨૨) શિક્ષક વિદ્યાર્થીમાં સારા મૂલ્યોની સ્થાપના કરી શકે છે,કારણ કે............

ઉત્તર : તેમની વાતથી વિદ્યાર્થીને પ્રેરણા મળે છે.

(૨૩) વિદ્યાર્થીઓમાં સહકારની ભાવનાનો વિકાસ કરવા આપ શું કરશો ?

ઉત્તર : સમૂહમાં કાર્ય કરાવશો.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૨૪) વર્ગખંડમાં પોતાના વિચારો પ્રસ્તુત કરતી વખતે શિક્ષક માટે એ ઉચિત રહેશે કે.......

ઉત્તર : ૧.તે સ્વીકારે કે બીજો દ્રષ્ટિકોણ પણ હોઇ શકે.

૨.તે સ્વીકારે કે વિદ્યાર્થીઓનો સમૂહ એક ટોળું નથી.

૩.વિરોધી દ્રષ્ટિકોણને પણ પોતાના વિચારોમાં સ્થાન પામે.

(૨૫) શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

ઉત્તર : વિદ્યાર્થીની ચિંતનશક્તિનો વિકાસ કરવો.

(૨૬) શિક્ષક સમાજમાં મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી શકે છે,જો તે.....

ઉત્તર : પોતાની  જવાબદારીનું ઇમાનદારીપૂર્વક વહન કરે.

(૨૬) વર્ગખંડમાં શિસ્ત જાળવવાનો પ્રભાવી ઉપાય છે કે....

ઉત્તર : શિક્ષણકાર્ય રસપ્રદ હશે તો અશિસ્ત આપોઆપ રદ થઇ જશે.

(૨૭) યથાર્થવાદી શિક્ષણના કેંદ્રમાં કોણ છે ?

ઉત્તર : વિદ્યાર્થી.

(૨૮) તત્વજ્ઞાનનો કયો વાદ પુસ્તકીયા શિક્ષણ સામે બળવારૂપે પ્રગટ થયો ?

ઉત્તર : પ્રકૃતિવાદ.

(૨૯) કોણે કહ્યું છે કે ‘ શિક્ષણ એ મનુષ્યને આત્મવિશ્વાસુ અને નિ:સ્વાર્થી  બનાવે છે.’ ?

ઉત્તર : ઋગ્વેદ.

(૩૦) પ્રૌઢ શિક્ષણ / નિરંતર શિક્ષણ એ કેવા પ્રકારનું શિક્ષણ છે ?

ઉત્તર : અનૌપચારિક.

(૩૧) “સૂર્યાસ્ત જોઇને સુધબુધ ભૂલી જવું’ એ કયા મૂલ્યને અંતર્ગત આવે છે ?

ઉત્તર : સૌંદર્યાત્મક.

(૩૨) ઘોંઘાટ એ......

ઉત્તર : નકારાત્મક સુદ્રઢક છે.

(૩૩) “શિક્ષણ વિદ્યાર્થીને જીવનનું ઉત્તરદાયિત્વ અને વિશેષાધિકારોને નિભાવવા યોગ્ય બનાવે છે.” આ વિધાન કોણે કહ્યું છે ?

ઉત્તર : સ્વામી વિવેકાનંદ.

(૩૪) વિમાન ચાલકની તાલીમ માટે કયો વિકલ્પ વધું અનુકૂળ છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સિમ્યુલેશન.

(૩૫) "વસંત આવતી નથી,વસંતને લાવવામાં આવે છે."-આ વાત શિક્ષણની સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે,આ વાત કોણે રજૂ કરેલ છે ?

ઉત્તર : ડૉ.હજારીપ્રસાદ દ્વિવેદી.

(૩૬) 'હોસ્ટેલમાં જવાનો ટાઇમ થાય ત્યારે ઘંટ વગાડવામાં આવે છે.' અહીં ઘંટ એ ..........

ઉત્તર : અવેજીરૂપ ઉદ્દીપક છે.

(૩૭) ટાંકણી વાગવાથી હાથ ખેંચી લેવાની ક્રિયા એ .......

ઉત્તર : પ્રતિક્ષિપ્ત ક્રિયા છે.

(૩૮) સમગ્ર દેશભરમાં રાષ્ટ્રપ્રેમ,રાષ્ટ્રહિત,ચારિત્ર્યશીલતા,દેશપ્રેમના મૂલ્યો,વિવિધતામાં એકતા,સામાજિક સમરસતા વિગેરે જેવા પ્રમુખ ઉદ્દેશો સાથે શિક્ષણ સંસ્થાઓ (શાળા-કોલેજો)નું સંચાલન કરતું પ્રસિદ્ધ સંગઠન/સંસ્થા કઇ છે ?

ઉત્તર : વિદ્યાભારતી.

(૩૯) ' પદ્ય શિક્ષણ ' માટે કઇ પદ્ધતિને વધારે યોગ્ય ગણી છે ?

ઉત્તર : રસાસ્વાદ પદ્ધતિ.

(૪૦) ગૂજરાત વિદ્યાપીઠનો મંત્ર છે........

ઉત્તર : સા વિદ્યા યા વિમુક્તયે.

(૪૧) કેળવણીની બહુધ્રુવિય પ્રક્રિયામાં શિક્ષણના કયા સ્તંભનો સમાવેશ થતો નથી ?

ઉત્તર : આજીવિકા માટેનું અધ્યયન.

(૪૨) ઉત્પ્રેરણાના કાર્યોમાં કયા કાર્યનો સમાવેશ થતો નથી ?

ઉત્તર : તે ક્રિયાઓને નિયંત્રણમાં રાખે છે.

(૪૩) વ્યક્તિત્વ માપન માટે શાહીના ડાઘાની કસોટી રચના કોણે કરી હતી ?

ઉત્તર : રોશાક.

(૪૪) ધોરણ 8 ના અંગ્રેજીના વિષય શિક્ષકથી શિક્ષણકાર્ય કરતી વખતે બ્લેકબોર્ડમાં વિષયવસ્તુ ખોટું લખાઇ જતાં તેઓ શું કરશે ?

ઉત્તર : બ્લેકબોર્ડમાં વિદ્યાર્થીઓને ભૂલ શોધવાનું કહેશે.

(૪૫) 'હું કદી શિખવતો નથી,હું એવા સંજોગો પેદા કરું છું જેમાં વિદ્યાર્થીઓ શીખે.' આ વિધાન કોનું છે ?

ઉત્તર : આઇન્સ્ટાઇન.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૪૬) શીખવાની પ્રક્રિયા પર કયા શારીરિક પરિબળની અસર સૌથી વધું જોવા મળે છે ?

ઉત્તર : જાતીયતા.

(૪૭) સૌહાર્દપૂર્ણ સામાજિક સંબંધો જાળવવા શિક્ષકે શું કરવું જોઇએ ?

ઉત્તર : લોકતાંત્રિક મૂલ્યો પર ભાર આપવો જોઇએ.

(૪૮) શીખવાની ઉત્તમ પદ્ધતિ કંઇ છે ?

ઉત્તર : જે દ્વારા વિદ્યાર્થી મુદ્દાને પુરેપુરો સમજી શકે.

(૪૯) 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ' કહેવત અંગે તમારું શું મંતવ્ય છે ?

ઉત્તર : દરેક પ્રકારના વિદ્યાર્થી માટે અમનોવૈજ્ઞાનિક છે.

(૫૦) નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં બધા વિષયોના શિક્ષણમાં કુલ કેટલા હાર્દરૂપ તત્વોને વણી લેવાનું સૂચન થયેલું છે?

ઉત્તર : 10.

(૫૧) નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કયા પ્રકારના શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવ્યો છે ?

ઉત્તર : મૂલ્ય શિક્ષણ.

(૫૨) 6 થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરૂં પાડવા માટેનો ધારો એટલે ?

ઉત્તર : RTE-2009.

(૫૩) સંશોધન શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર : અત્યારના જ્ઞાનમાં વધારો કરવા માટે.

(૫૪) મનોવિજ્ઞાનની સૌપ્રથમ વ્યાખ્યા આપવામાં આવી....

ઉત્તર : આત્માનું  વિજ્ઞાન.

(૫૫) "અનુભવ જ જ્ઞાનની એક માત્ર માતા છે."

ઉત્તર : ઇંદ્રિયાનુભવવાદ.

(૫૬) સ્કીનર દ્વારા દર્શાવવામાં આવેલા અભિક્રમિત અધ્યયન સાથે કંઇ બાબત સાચી છે ?

ઉત્તર : એક કલ્પના શીખવવા માટેના ક્રમશ: તબક્કાને અનુસરવા.

(૫૭) ગુજરાત રાજ્યમાં ફરજિયાત શિક્ષણ અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

ઉત્તર : 1961.

(૫૮) પ્રાથમિક શાળાના બાળકોની લાઇફ સ્કીલ માટેના હેતુઓમાંથી કયા હેતુનો સમાવેશ થતો નથી ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવવાનો.

(૫૯) S.S.A. (સર્વ શિક્ષા અભિયાન) નો ધ્યેય નથી ?

ઉત્તર : શિક્ષક તાલીમ.

(૬૦) પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ (ધો ૧ થી ૮) કંઇ જાતિના વિદ્યાર્થીઓને મળે છે ?

ઉત્તર : લઘુમતિ.

(૬૧) એક શાળામાં ધોરણ 1 થી 5 માં કુલ 105 વિદ્યાર્થીઓ હોય તો કેટલા શિક્ષકો મળવાપાત્ર થાય ?

ઉત્તર : 4.

(૬૨) ઉપચારાત્મક શિક્ષણ માટે કયું વિધાન સાચું નથી ?

ઉત્તર : શિક્ષકોને વધારાનો આર્થિક પુરસ્કાર આપવામાં આવે છે.

(૬૩) "જીવનના અંધકારમાં પ્રકાશના કિરણો ફેલાવે તે કેળવણી" કયા પાશ્ચાત્ય કેળવણીકારે આ વાત કહી છે ?

ઉત્તર : એચ.જી.વેલ્સ.

(૬૪) એક શિક્ષક તરીકે તમારા વિષયનું સાચું અધ્યયન કરાવવા શું કરશો ?

ઉત્તર : કસોટી દ્વારા પરીક્ષણ કરીને વર્ગકાર્ય પર ભાર મૂકવો.

(૬૫) જ્ઞાનનું સર્જન એ કયા વર્તન પરિવર્તનને આધારિત છે ?

ઉત્તર : અપેક્ષિત વર્તન-પરિવર્તન.

(૬૬) બાળકમાં હતાશા જન્મવાનું કારણ કયું હોઇ શકે ?

ઉત્તર : પ્રેરણાઓના સંઘર્ષને પરિણામે.

(૬૭) વિદ્યાર્થીઓને વિજ્ઞાનનું શિક્ષણ કેવી રીતે આપવું જોઇએ ?

ઉત્તર : જાતે પ્રયોગ કરાવીને.

(૬૮) શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) માં સભ્ય સચિવ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવે છે ?

ઉત્તર : શાળાના આચાર્ય.

(૬૯) કંઇ નીતિ વર્ષ 2013માં જાહેરાત કરી છે ?

ઉત્તર : રાષ્ટ્રીય બાલ નીતિ 2013.

(૭૦) ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની શરૂઆત કયા ધોરણથી થાય છે ?

ઉત્તર : ધોરણ-6.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૭૧) ધોરણ 6 થી 8 નાં અંગ્રેજી પાઠ્યપુસ્તકોનું નિર્માણ કઇ સંસ્થા કરે છે ?

ઉત્તર : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.

(૭૨) આઇ.આઇ.ટી.ઇ.નું પૂરું નામ શું છે ?

ઉત્તર : ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન તથા ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન.

બંને જવાબ માન્ય છે.

(૭૩) રાજ્ય પરીક્ષા બોર્ડ કંઇ પરીક્ષાનું આયોજન કરતું નથી ?

ઉત્તર : પ્રખરતા શોધ પરીક્ષા.

(૭૪) પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી કરવા માટે કેંદ્રીયકૃત પસંદગી સમિતિમાં કોનો સમાવેશ થતો નથી?

ઉત્તર : જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી.

(૭૫) RTE ની કંઇ કલમ બાળકોને શારીરિક સજા કરવાની મનાઇ ફરમાવે છે ?

ઉત્તર : કલમ 17.

(૭૬) વાચનશિક્ષણ પ્રવેશની કઇ પદ્ધતિ વિશેષ લાભદાયી છે ?

ઉત્તર : શબ્દ પદ્ધતિ.

(૭૭) ગુજરાતના શૈક્ષણિક રીતે પછાત વિસ્તારોમાં કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા માટે કયો કાર્યક્રમ અમલમાં છે ?

ઉત્તર : એન.પી.ઇ.જી.ઇ.એલ.

(૭૮) "હું કદી દારિદ્રયનું સ્તોત્ર ગાવા માંગતો નથી,પણ વૈભવના ઠઠારા કરતાં સાદાઇનું મૂલ્ય વધારે છે." – આ વિધાન કોનું છે ?

ઉત્તર : રવિંદ્રનાથ ટાગોર.

(૮૦) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાનું સંચાલન રાજ્યકક્ષાએથી કઇ કચેરી તરફથી થાય છે ?

ઉત્તર : રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર.

(૮૧) નિરંતર શિક્ષણની સંકલ્પનાનો ઉદ્દભવ ક્યાંથી થયો હતો ?

ઉત્તર : અમેરિકા.

(૮૨) મનોવલણો ........ હોય છે.

ઉત્તર : કાયમી.

(૮૩) ફ્રોઇડ પ્રક્ષેપણને એક ........ તરીકે ગણે છે ?

ઉત્તર : બચાવપ્રયુક્તિ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૮૪) "લીંબુ મીઠા" અને "દ્રાક્ષ ખાટી" આ બચાવપ્રયુક્તિને ........ કહેવામાં આવે છે ?

ઉત્તર : યૌક્તિકીકરણ.

(૮૫) ગણિતના નિયમો તારવવા કંઇ પદ્ધતિ પ્રયોજાય છે ?

ઉત્તર : આગમન-નિગમન.

(૮૬) અભિક્રમિત અધ્યયન સાથે કોનું નામ સંકળાયેલું છે ?

ઉત્તર : સ્કીનર.

(૮૭) સંકલ્પનાઓનો વિકાસ મુખ્યત્વે કોનો ભાગ છે ?

ઉત્તર : બૌદ્ધિક વિકાસ.

(૮૮) NCF-2005 માં બાળકના પ્રથમ બે વર્ષના શિક્ષણના માધ્યમથી ભાષા તરીકે રાખવા પર ભાર મૂક્યો છે તે કંઇ ભાષા છે ?

ઉત્તર : પ્રાદેશિક ભાષા.

(૮૯) મૂલ્યાંકનની પ્રક્રિયામાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

ઉત્તર : શિક્ષણના હેતુઓ,અધ્યયન અનુભવો અને મૂલ્યાંકન.

(૯૦) અધ્યયનમાં કઠીન મુદ્દાઓને સરળ બનાવવા માટે.....

ઉત્તર : ૧.પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવું જોઇએ.

૨.રમત દ્વારા શિક્ષણ આપવું જોઇએ.

(૯૧) RTI કયા વર્ષથી અમલી બનેલ છે ?

ઉત્તર : 2005.

(૯૨) પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમ અને મૂલ્યાંકન માળખાની રચના અને માર્ગદર્શન કંઇ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

ઉત્તર : GCERT.

(૯૩) નિરંતર શિક્ષણ કાર્યક્રમ એ કયા કાર્યક્રમ પછીનો કાર્યક્રમ છે ?

ઉત્તર : અનુસાક્ષરતા.

(૯૪) શાળા સમય દરમ્યાન શાળામાં ન આવી શક્તા બાળકો માટેની શિક્ષણ વ્યવસ્થા.....

ઉત્તર : વૈકલ્પિક શાળા.

(૯૫) શિક્ષક તાલીમી સંસ્થાઓનું નિયમન કેંદ્રની કંઇ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

ઉત્તર : NCTE.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૯૬) ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં હિંદી શિક્ષણની શરૂઆત કયા ધોરણથી થાય છે ?

ઉત્તર : ધોરણ 4.

(૯૭) ધોરણ 2 માં ક્યાં સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે ?

ઉત્તર : 1 થી 100 સુધી.

(૯૮) બાળકને નિબંધ લેખન શિખવવા માટેનું સૌથી અગત્યનું પગથિયું કયું છે ?

ઉત્તર : સ્વતંત્ર લેખન.

(૯૯) એસ.એમ.સી.(SMC) માં કોણ ફરજીયાત સભ્ય નથી ?

ઉત્તર : સરપંચ.

(૧૧૦) "તુંડે તુંડે મતિર્ભિન્ના" કહેવત કોની સાથે અનુબંધ ધરાવે છે ?

ઉત્તર : બુદ્ધિ.

(૧૧૧) જેમનો બુદ્ધિઆંક 75 થી 90 હોય તે કેવા પ્રકારના બાળકો તરીકે ઓળખાય છે ?

ઉત્તર : ધીમી ગતિએ શીખનાર બાળકો.

(૧૧૨) 21મી સદીના શિક્ષણ માટેની વિચારણા કરવા કયા પંચે કહ્યું કે – શિક્ષણ એ ભીતરનો ખજાનો છે ?

ઉત્તર : ડેલોર્સ પંચ.

(૧૧૩) માઇક્રોટીચીંગ એ ............

ઉત્તર : તાલીમ પ્રયુક્તિ છે.

(૧૧૪) વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા વધારે સફળ ત્યારે થશે જો ચર્ચાનો વિષય.....

ઉત્તર : વિદ્યાર્થીઓને અગાઉથી બતાવવામાં આવ્યો હોય.

(૧૧૫) શીખવું એટલે.....

ઉત્તર : સમસ્યા સમાધાન માટેની યોગ્યતા પ્રાપ્ત કરવી.

(૧૧૬) શિક્ષણનું મુખ્ય કાર્ય છે ....

ઉત્તર : વિદ્યાર્થીઓમાં નિહિત આંતરિક શક્તિઓનો વિકાસ કરવો.

(૧૧૭) શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઇએ ?

ઉત્તર : વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસને પોષક હોવો જોઇએ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૧૮) એક શિક્ષક એવું અનુભવે છે કે,તેના વિદ્યાર્થીઓ તેના અધ્યાપન કાર્યથી સંતુષ્ટ નથી આવી પરિસ્થિતિમાં શિક્ષકે શું કરવું જોઇએ ?

ઉત્તર : તેણે જાતે રિફ્રેશર કોર્સ કરવો જોઇએ, જેથી તે પોતાના અધ્યાપન કાર્યમાં સુધાર લાવી શકે.

(૧૧૯) વિકલાંગ બાળકોના શિક્ષણ માટે એક શિક્ષક તરીકે શું કરવું જોઇએ ?

ઉત્તર : તે બાળકોમાં આત્મવિશ્વાસનો વિકાસ કરવો.

(૧૨૦) સમાવેશી શિક્ષણ (Inclusive Education) એટલે...

ઉત્તર : એક જ શાળા પરિસરમાં સામાન્ય બાળકોની સાથે વિશિષ્ટ સમૂહનાં બાળકોને શિક્ષણ આપવું.

(૧૨૧) પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓની શિખવા સંબંધી સમસ્યાઓના નિરાકરણ માટે સર્વશ્રેષ્ઠ પ્રક્રિયા કઇ છે?

ઉત્તર : વિદ્યાર્થીઓની ક્ષમતાઓ તથા યોગ્યતારૂપ વિવિધ શિક્ષણ પ્રણાલીનો અમલ કરવો.

(૧૨૨) એક બાળકની ગંદી આદત છોડાવવી છે.-આ સંદર્ભમાં નિર્દેશિત સિદ્ધાંતો પૈકી કયા અધ્યયન સિદ્ધાંતની અનુપ્રયોગ કરવો ઉચિત રહેશે ?

ઉત્તર : સ્કિનરનો સિદ્ધાંત.

(૧૨૩) વિદ્યાર્થીઓને મનોરંજન કાર્યક્રમ યોજવાની ઇચ્છા છે,તો શિક્ષક તરીકે તમે શું કરશો ?

ઉત્તર : તેઓને યોગ્ય કાર્યક્રમ ઘડવામાં મદદ કરીશ.

(૧૨૪) શિક્ષણ કાર્યનું આયોજન કરતાં કઇ બાબત ધ્યાનમાં ન લેવી જોઇએ ?

ઉત્તર : શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા.

(૧૨૫) ' અનુભવી શિક્ષકને આયોજનની જરૂર નથી' આ વિધાન અંગે તમે શું માનશો ?

ઉત્તર : વિધાન ખોટું છે.આયોજનથી થયેલું કાર્ય ઘણું અસરકારક બને છે.

(૧૨૬) વર્ગનો એક વિદ્યાર્થી તમને વારંવાર પ્રશ્નો પૂછે છે.આ વિષે તમારું મંતવ્ય શું છે ?

ઉત્તર : વિદ્યાર્થીને સાચા ઉત્તરો આપી પ્રોત્સાહિત કરવો.

(૧૨૭) માની લો કે તમે ગણિતના શિક્ષક છો.એક વિદ્યાર્થી તેને લખેલી કવિતા તમને બતાવે છે.તમે શું કરશો ?

ઉત્તર : તેની કવિતા વાંચી તેને પ્રોત્સાહિત કરીશ.કવિતા કોઇ સામયિકમાં મોકલવા જણાવીશ.

(૧૨૮) તમારા એક વિદ્યાર્થીની જોડણી નબળી છે.તે તમારું માર્ગદર્શન માંગે છે.તો તમે શું કરશો ?

ઉત્તર : નાનો ખિસ્સા કોશ સાથે રાખી તેનો ઉપયોગ કરવા જણાવીશ.

(૧૨૯) ' શિક્ષકે પાઠ્યપુસ્તકમાં આપેલી વિગતો જ શીખવવી જોઇએ ' આ અંગે તમે શું માનો છો ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સંદર્ભ પુસ્તકો, સામયિકો અને ઇંટરનેટ દ્વારા મેળવેલું વિશેષ જ્ઞાન પણ ઉમેરી શકાય.

(૧૩૦) 'વર્ષોના અનુભવ પછી શિક્ષકે વર્ગમાં તૈયારી કરી જવું જરૂરી નથી' આવિધાન અંગે તમે શું માનો છો ?

ઉત્તર : ખોટું છે.

(૧૩૧) પરીક્ષામાં પ્રશ્નપત્રમાં અનાત્મલક્ષી પ્રશ્નો પુછવાનો ગેરલાભ કયો છે ?

ઉત્તર : મૌલિક અભિવ્યક્તિ ન જાણી શકાય.

(૧૩૨) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કોણે સૂચવ્યું છે ?

ઉત્તર : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986.

(૧૩૩) ' એક શિક્ષક માને છે કે અનાત્મલક્ષી પ્રશ્નોથી ઉપયોજનનો હેતુ ન માપી શકાય.' તમે આ વિધાન અંગે શું માનો છો ?

ઉત્તર : ખોટુ છે.

(૧૩૪) ભારતમાં પરીક્ષા સુધારણા અંગે એન.સી.ઇ.આર.ટી. નવી દિલ્હી આવી કયા શિક્ષણશાસ્ત્રીએ માર્ગદર્શન આપ્યું હતું ?

ઉત્તર : બેંજામિન બ્લુમ.

(૧૩૫) શાળામાં કોઇ એક વિષયની પ્રશ્નબેંક રચવાથી શું લાભ થાય ?

ઉત્તર : સારા, અજમાવેલા અને વૈવિધ્યપૂર્ણ પ્રશ્નો વડે સમતોલ પ્રશ્નપત્ર કાઢી શકાય.

(૧૩૬) 'સારા નિબંધ પ્રશ્નો વડે વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન થઇ શકે છે.' આ વિધાન અંગે તમે શું માનો છો ?

ઉત્તર : ખોટું છે.

(૧૩૭) તમારા વર્ગમાં જ્ઞાતિ અનુસાર જૂથો છે.આવાં જૂથો આવકાર્ય છે ?

ઉત્તર : ના.

(૧૩૮) કા.પા.કાર્ય કરતાં આકૃતિઓ કે ચિત્રો કા.પા.ઉપર દોરવાં જરૂરી છે ?

ઉત્તર : હા, તેથી વિદ્યાર્થીઓની સમજ વધારે સ્પષ્ટ થાય.

(૧૩૯) તમારા વર્ગમાં વિદ્યાર્થીઓ વારંવાર અવાજ કરે છે.તમે શું કરશો ?

ઉત્તર : અવાજ થવાનું કારણ તપાસી તે નિવારીશ.

(૧૪૦) વર્ગમાં એક ઊંચા વિદ્યાર્થીની આંખો નબળી છે.તમે તેને ક્યાં બેસાડશો ?

ઉત્તર : આગળની પાટલી પર છેડે.

(૧૪૧) વિદ્યાર્થીઓની ફરિયાદ છે કે તેમને બોર્ડ ઉપર લખેલું દેખાતું નથી.તમે શું પગલાં લેશો ?

ઉત્તર : બોર્ડ ઉપર પ્રકાશ આવતો હશે તે બંધ કરીશ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૪૨) શાળાના પ્રવાસમાં વિદ્યાર્થી નેતાને તમે કઇ જવાબદારી સોંપશો ?

ઉત્તર : વિવિધ કાર્યોમાં સહાયક.

(૧૪૩) શાળાના શિક્ષકો શાળામાં જ પોતાનો વ્યાવસાયિક વિકાસ કરી શકે છે એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 માં કઇ પ્રવૃતિ સૂચવાઇ છે ?

ઉત્તર : School Built Inservice Training.

(૧૪૪) ' ખુલ્લાં પાઠ્યપુસ્તકો સાથે પરીક્ષા' આ વિચાર કેમ ભુલાઇ ગયો ?

ઉત્તર : આ કાર્યક્રમની તલસ્પર્શી સમજના અભાવે.

(૧૪૫) માધ્યમિક શાળાઓમાં વૈજ્ઞાનિક સ્વરૂપનું જાતીય શિક્ષણ આપવું જોઇએ ?

ઉત્તર : હા, તેથી તરુણ તરુણીઓના ખોટા ખ્યાલો દૂર થાય.

(૧૪૬) શાળાથી લઇ રાજ્ય સ્તર સુધી બાળકો અને શિક્ષકો માટે રમોત્સવનું આયોજન કોના દ્વારા થાય છે ?

ઉત્તર : જીસીઇઆરટી.

(૧૪૭) ' જેમ સાયકલ ચલાવતા આવડતું હોય એ વ્યક્તિને સ્કૂટર શીખવામાં સરળતા રહે એ રીતે સરવાળા આવડતા હોય એને ગુણાકાર શીખવવામાં સરળતા રહે.'- આ વિધાન સાથે કઇ સંકલ્પના જોડાયેલી છે ?

ઉત્તર : અધ્યયન સંક્રમણ.

(૧૪૮) યુનેસ્કો દ્વારા એકવીસમી સદીના શિક્ષણ માટે પ્રસિદ્ધ થયેલ અહેવાલ કયા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયો છે ?

ઉત્તર : શિક્ષણ-ભીતરનો ખજાનો.

(૧૪૯) શિક્ષણ કૌશલ્યના વિકાસ માટે ઉપયોગી સોપાનો 'શિક્ષણ-પ્રતિપોષણ-પુન:આયોજન-પુન:શિક્ષણ-પુન:પ્રતિપોષણ'સાથે વધુ સુસંગત શું છે ?

ઉત્તર : માઇક્રોપાઠ.

(૧૫૦) આર.ટી.ઇ.2009 અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે શૈક્ષણિક સત્તામંડળ તરીકે કઇ સંસ્થા કાર્યરત છે ?

ઉત્તર : જી.સી.ઇ.આર.ટી. (ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ)

(૧૫૧) "સંકેતાંકન-સંચય-પુન:પ્રાપ્તિ-પ્રત્યભિજ્ઞા" કઇ મનોવૈજ્ઞાનિક સંકલ્પનાના તબક્કા છે ?

ઉત્તર : સ્મરણ.

(૧૫૨) મારો વ્યવસાય મને સંતોષ આપે છે ? – આ પ્રશ્નનો ઉત્તર આપણને શું સમજવામાં મદદ કરે છે ?

ઉત્તર : સ્પીરિચ્યુઅલ ક્વોશન્ટ (એસ.ક્યુ.)



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૫૩) ઉપચારાત્મક શિક્ષણની સંકલ્પના માટે કયું સૌથી સાચું છે ?

ઉત્તર : બાળકો જે બાબતમાં કાચાં હોય તેમનું મુદ્દા આધારિત પુન:શિક્ષણ કાર્ય.

(૧૫૪) 'સમૂહ પ્રાર્થનામાં હંમેશા ગેરહાજર રહેતા બાળકને શિક્ષક રાતે ચોક્કસ રેડિયો કાર્યક્રમ સાંભળવાનું અથવા ટીવીનો ચોક્કસ કાર્યક્રમ જોવાનું ગૃહકાર્ય આપે છે.'આ બાબતને કઇ મનોવૈજ્ઞાનિક સંકલ્પના સાથે સાંકળશો ?

ઉત્તર : વૈયક્તિક ભિન્નતા.

(૧૫૫) 'એકલવ્ય મોડેલ રેસિડેંસિઅલ સ્કૂલ' કયાં બાળકો માટે છે ?

ઉત્તર : અનુસૂચિત જનજાતિના (એસ.ટી) બાળકો માટે.

(૧૫૬) આર.ટી.ઇ.૨૦૦૯ ની કલમ ૨૭ અન્વયે શિક્ષકો કંઇ બિનશૈક્ષણિક કામગીરી ન કરી શકે ?

ઉત્તર : શાળા બહારના બાળકોના વાલીસંપર્કની કામગીરી.

(૧૫૭) નિગમન પદ્ધતિ માટે કયું વિધાન યોગ્ય નથી ?

ઉત્તર : બાળકોને વિવિધ ઉદાહરણો આપી સિદ્ધાંત નિરૂપણ કરવામાં આવે છે.

(૧૫૮) પ્રાથમિક શાળા કક્ષાએ અમલીકૃત પ્રજ્ઞા અભિગમ મુજબ કઇ બાબત પ્રજ્ઞા વર્ગ એક સામાન્ય વર્ગથી બિલકુલ જુદો છે? ઉત્તર : બધા બાળકો એક જ સમયે જુદી જુદી બાબતો શીખે છે.

(૧૫૯) 'બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન' વિશે શું સાચું છે ?

ઉત્તર : આ પદ્ધતિમાં સર્જનાત્મક્તાને બહુ અવકાશ નથી.

(૧૫૯) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનું મુખપત્ર કયું છે ?

ઉત્તર : શિક્ષક જ્યોત.

(૧૬૦) રાજ્યના તમામ જીલ્લાઓની ઘણી બધી પ્રાથમિક શાળાઓમાં ચાલતી પ્રવૃત્તિ 'અક્ષયપાત્ર' અંગે શું સાચું છે ?

ઉત્તર : પક્ષીઓ માટે બાળકો અનાજ લાવે છે.

(૧૬૧) 'વર્ગખંડમાં કેટલાક બાળકો ગેરહાજર રહે છે' આ પરિસ્થિતિમાં શિક્ષકે શું કરવું જોઇએ ?

ઉત્તર : વિદ્યાર્થીઓની ગેરહાજરીના કારણોની જાણકારી માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવું.

(૧૬૨) કોઇ પરીક્ષામાં તમારા ધોરણમાં મોટાભાગનાં બાળકો અનુત્તીર્ણ થાય છે,તો આ પરિસ્થિતિમાં તમો કોને જવાબદાર ગણો છો ?

ઉત્તર : શિક્ષકની પોતાની સ્વયં શિક્ષણવિધિ.

(૧૬૩) શિક્ષણકાર્ય દરમિયાન કોઇ વિદ્યાર્થી તમને ખલેલ પહોંચાડે ત્યારે તમે શું કરશો ?

ઉત્તર : તે માટેનું કારણ શોધીશ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૬૪) ચાર્લ્સ સ્કિનરે શિક્ષકોની તૈયારીની આધારશિલા કોને કહી છે ?

ઉત્તર : શિક્ષણ મનોવિજ્ઞાનને.

(૧૬૫) એક બાળકને એક વસ્તુ બતાવી 'ઢીંગલી' એવું કહેવામાં આવે છે.બીજીવાર બાળકેતે વસ્તુ જોઇને 'ઢીંગલી' એવું કહે છે.આ કઇ બાબતનું ઉદાહરણ છે ?

ઉત્તર : શાબ્દિક સાહચર્ય અધ્યયન.

(૧૬૬) પ્રતિભાશાળી વિદ્યાર્થી પોતાની ક્ષમતાને અનુરૂપ ઉચ્ચતમ ઉપલબ્ધિ પ્રાપ્ત કરે એ માટે શિક્ષકે કંઇ બાબત અપનાવવી ન જોઇએ ?

ઉત્તર : તેનામાં સર્જનાત્મક્તાના વિકાસ માટે પડકાર આપવો.

(૧૬૭) પ્રાથમિક શિક્ષણ એટલે......

ઉત્તર : જીવન શિક્ષણ.

(૧૬૮) વિદ્યાર્થીઓના વર્તન-પરિવર્તન માટેનો શ્રેષ્ઠ ઉપાય છે .....

ઉત્તર : પુરસ્કાર.

(૧૬૯) બાળકને મૂળાક્ષર લેખન શીખવવા સૌથી સારી શરૂઆત કઇ રીતે કરવી જોઇએ ?

ઉત્તર : રેતિયા અક્ષર પર આંગળી ફેરવવી.

(૧૭૦) બાળકને નિબંધ લેખન શીખવવા માટેનું સૌથી અગત્યનું પગથિયું કયું છે ?

ઉત્તર : સ્વતંત્ર લેખન.

(૧૭૧) ધોરણ 1 માં ક્યા સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે ?

ઉત્તર : 1 થી 50 સુધી.

(૧૭૨) GIET પોતાના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનું માસિક સમયપત્રક કયા સામયિકમાં પ્રસિદ્ધ કરે છે ?

ઉત્તર : જીવન શિક્ષણ.

(૧૭૩) અધ્યાપન એટલે ?

ઉત્તર : વર્તનમાં પરિવર્તન ધારણ કરવું

(૧૭૪) કયુ સામયિક બાળ સામયિક છે ?

ઉત્તર : બાળમિત્ર.

(૧૭૫) નવી શિક્ષણ નીતિના ભાગરૂપે ગુજરાતમાં દૂર-અંતર શિક્ષણ (Distance Education) સ્વરૂપે કયો વિચાર ગતિશીલ બન્યો છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : ઓપન સ્કૂલ.

(૧૭૬) લોકશાહી દેશમાં સામાજિક પરિવર્તન માટે નીચેનામાંથી કયું પરિબળ સૌથી વધું અસરકારક છે ?

ઉત્તર : શિક્ષણ.

(૧૭૭) સાંવેગિક અભિવ્યક્તિ અને સાંવેગિક નિયમનમાં કોનું વર્તન બાળક માટે મોડેલ બનતું હોય છે ?

ઉત્તર : માતાપિતા અને શિક્ષકોનું.

(૧૭૮) બાળકનો બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર કોણે આપ્યું ?

ઉત્તર : ટર્મને.

(૧૭૯) રમત દ્વારા આનંદમય શિક્ષણ આપવાની હિમાયત કોણે કરી હતી ?

ઉત્તર : ગિજુભાઇ બધેકા.

(૧૮૦) શિક્ષકની કાર્યક્ષમતાનું સાચું માપ કઇ રીતે જાણી શકાય છે ?

ઉત્તર : વિદ્યાર્થીઓના મૂલ્યાંકન દ્વારા.

(૧૮૧) સારા શિક્ષક માટેનું અનિવાર્ય લક્ષણ કયું છે ?

ઉત્તર : વિષયવસ્તુની સંગીન જાણકારી.

(૧૮૨) 'રાષ્ટ્રીય એક્તાની ભવનાનો વિકાસ' આ કયો ઉદ્દેશ કહેવાશે ?

ઉત્તર : શૈક્ષણિક ઉદ્દેશ્ય.

(૧૮૩) સંકલ્પનાઓનો વિકાસ મુખ્યત્વે કોનો ભાગ હોય છે ?

ઉત્તર : બૌદ્ધિક વિકાસ.

(૧૮૪) પ્રાથમિક શાળા કક્ષાએ સમવાય શિક્ષણ મુખ્યત્વે કોની સાથે જોડાયેલું છે ?

ઉત્તર : બુનિયાદી શિક્ષણ.

(૧૮૫) પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતા મૂલ્યાંકન સાથે શું સુસંગત છે ?

ઉત્તર : ગ્રેડ.

(૧૮૬) ગાંધીજીની બુનિયાદી શિક્ષણ યોજના બીજા કયા નામથી ઓળખાય છે ?

ઉત્તર : વર્ધા શિક્ષણ યોજના.

(૧૮૭) 'બાળકને 14 વર્ષની ઉંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણ' આ કઇ નીતિનું સુફળ છે ?

ઉત્તર : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૮૮) ' પ્રયત્ન અને ભૂલો દ્વારા અધ્યયન  આ કોનો સિદ્ધાંત છે ?

ઉત્તર :  થોર્નડાઇક.

(૧૮૯) મોનોલોગ એટલે શું ?

ઉત્તર :  એકપાત્રીય અભિનય.

(૧૯૦) આવેશ,હતાશા,આનંદ,ગુસ્સો,દુ:ખ વગેરે બાળકના કયા વિકાસ સાથે સંબંધિત છે ?

ઉત્તર :  સાંવેગિક.

(૧૯૧) ધ્યેય વિહીન ક્રિયાઓ આચરવી એ શિક્ષકત્વનું કેવું પાસું છે ?

ઉત્તર :  નબળુ પાસુ.

(૧૯૨) વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે કેવા પ્રકારનું પ્રશ્નપત્ર હોવું જોઇએ?

ઉત્તર :  ઉપરના બધા મિશ્ર પ્રશ્નોવાળું.

(૧૯૩) પ્રમાણિત કસોટી માટે કયું વિધાન સાચું છે ?

ઉત્તર :  આ કસોટી ચોક્કસ જૂથ માટે તૈયાર થાય છે.

(૧૯૪) ' જો શિક્ષક પોતે ભણાવા તૈયાર ના હોય તો એ ખરેખર ભણાવી જ ન શકે ' આ વિધાન કોનું છે ?

ઉત્તર :  રવિંદ્રનાથ ટાગોર.

(૧૯૫) ' સપ્તરંગી પ્રવૃતિઓ ' એક વિષય તરીકે કયા અભિગમમાં ભણાવાય છે ?

ઉત્તર :  પ્રજ્ઞા અભિગમમાં.

(૧૯૬) પ્રૌઢ શિક્ષણ માટે આપણા દેશમાં કઇ ઉંમર સ્વીકારવામાં આવી છે ?

ઉત્તર :  15 થી 35.

(૧૯૭) વૃદ્ધિ અને વિકાસ સંબંધે કયું વિધાન સુસંગત નથી ?

ઉત્તર :  વિકાસને બાહ્ય ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે.

(૧૯૮) શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ઇડ,ઇગો અને સુપર ઇગોના પુરસ્કર્તા કોણ છે ?

ઉત્તર :  ફ્રોઇડ.

(૧૯૯) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત વાપરવામાં આવતું રચનાત્મક મૂલ્યાંકન પત્રક – A કયા  ધોરણથી ચાલુ થાય છે ?

ઉત્તર :  ધોરણ-3.

(૨૦૦) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન બાબતે શું ખોટું છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : દરેક પાઠવાર એકમ કસોટીના આયોજન દ્વારા મૂલ્યાંકન કરવું.

(૨૦૧) પ્રત્યાયનનાં મુખ્ય ત્રણ ઘટકો કયા છે ?

ઉત્તર : પ્રેષક-સંદેશો - સંદેશો મેળવનાર.

(૨૦૨) NCF 2005 માં કંઇ બાબત પર સૌથી વધુ ભાર મુકવામાં આવ્યો છે ?

ઉત્તર : જ્ઞાનનું સર્જન.

(૨૦૩) 'આખી વસ્તુ એના ભાગોના સરવાળા કરતા કંઇક વધું છે' આ વિધાન કયા મનોવૈજ્ઞાનિક વાદનું સમર્થન કરે છે ?

ઉત્તર : સંયોજનાવાદ.

(૨૦૪) ' શિક્ષણ ભીતરનો ખજાનો' એ પુસ્તક માટે કયું બંધબેસતું છે ?

ઉત્તર : યુનેસ્કો.

(૨૦૫) ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થતું સામાયિક કયું છે ?

ઉત્તર : બાળ વિશ્વ.

(૨૦૬) જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન યોજાયેલ ગુણોત્સવ ક્રમિક રીતે કેવી રીતે ઓળખાય છે ?

ઉત્તર : ગુણોત્સવ-6.

(૨૦૭) અભિપ્રેરણા અંતર્ગત મેસ્લોએ વર્ણવેલ જરૂરિયાતો પૈકી ક્રમશ: બીજી અને ત્રીજી જરૂરિયાત કઇ છે ?

ઉત્તર : સલામતી અને પ્રેમ.

(૨૦૮) શાળા વ્યવસ્થાપન સમિતિમાં કોણ ફરજીયાત સભ્ય નથી ?

ઉત્તર : સરપંચ.

(૨૦૯) ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત કયા ધોરણથી થાય છે ?

ઉત્તર : ધોરણ 3.

(૨૧૦) મધ્યવર્તી સ્થિતિના માપ સંદર્ભે પ્રાપ્તાંકોની શ્રેણીમાં જે પ્રાપ્તાંક વધુ આવતો હોય તેને શું કહેવાય ?

ઉત્તર : બહુલક.

(૨૧૧) પ્રવર્તનામ પ્રાથમિક શિક્ષણ માળખા અંતર્ગત અમલીકૃત કાર્યક્રમો મોટે ભાગે કઇ નીતિ મુજબ ચાલે છે ?

ઉત્તર : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986.

(૨૧૨) બુનિયાદી શિક્ષણના મુખ્ય ચાર સિદ્ધાંતોમા કોનો સમાવેશ થતો નથી ?

ઉત્તર : સ્વતંત્રતા માટેનું શિક્ષણ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૨૧૩) 21 મી સદીના શિક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય અહેવાલ મુજબ આપવામાં આવેલા કેળવણીના ચાર સ્તંભોમાં કોનો સમાવેશ થતો નથી ?

ઉત્તર : વિકસવા માટેનું શિક્ષણ. Learning to grow.

(૨૧૪) નિદાન કસોટી માટે કયું વિધાન લાગુ પડતુ નથી ?

ઉત્તર : દરેક પરીક્ષાર્થી માટે નિયત સમય મર્યાદામાં કસોટી લખવી ફરજિયાત છે.

(૨૧૫) બાળકને શું નથી આવડતુ એ ચકાસવા માટે કઇ કસોટીનું આયોજન કરવામાં આવે છે ?

ઉત્તર : નિદાન કસોટી.

(૨૧૬) ' એક મજાનો માળો એમાં દસ ચકલીઓ રહેતીતી' એ ગીત દ્વારા નીચેના પૈકી શું શીખવવા વધારે યોગ્ય છે ?

ઉત્તર : ક્રમ સૂચક સંખ્યાઓ.

(૨૧૭) પ્રાથમિક શાળાના ધોરણ 1માં હાલના પાઠ્યક્રમ અનુસાર કયા ગુજરાતી મૂળાક્ષર પહેલા શીખવવામાં આવે છે ?

ઉત્તર : ગ,મ,ન,જ.

(૨૧૮) આપણી શાળામાં અભ્યાસ કરતા કયા ધોરણના બાળકોને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી NMMS પરીક્ષા અપાવશો ?

ઉત્તર : ધોરણ 8.

(૨૧૯) RTI 2009 ની કલમ 29 મુજબ અભ્યાસક્રમનું કયું લક્ષણ દર્શાવ્યું છે ?

ઉત્તર : બંધારણીય મૂલ્યો સાથે સુસંગત હોય તેવો અભ્યાસક્રમ.

(૨૨૦) CAL કાર્યક્રમનો મુખ્ય આશય કયો છે ?

ઉત્તર : કોમ્પ્યુટરની મદદથી વિષય શિક્ષણ કરાવવું.

(૨૨૧) જુના અભ્યાસક્રમનો સ.ઉ.ઉ.કા.વિષય હાલના પ્રાથમિક શિક્ષણના નવા અભ્યાસક્રમ મુજબ કયા વિષય સાથે સામ્ય ધરાવે છે ?

ઉત્તર : કાર્યાનુભવ.

(૨૨૨) ગુજરાતમાં પૂર્વ સેવા તાલીમનો જૂનો PTC નો અભ્યાસક્રમ હવે કયા નામે ઓળખાય છે ?

ઉત્તર : ડિપ્લોમા ઇન એલીમેન્ટ્રી એજ્યુકેશન. (D.El.Ed)

(૨૨૩) તમારા ગામમાં એક 11 વર્ષનું બાળક કદી શાળાએ નથી ગયું.આપ શું કરશો ?

ઉત્તર : બાળકને પાંચમાં ધોરણમાં દાખલ કરી STP વર્ગમાં બેસાડીશ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

**(૨૨૪) ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા મુદ્રણ થયેલ** English Teacher's Navigator -2 **એ કયા ધોરણના અંગ્રેજી શિક્ષણ માટે શિક્ષકને ઉપયોગી થાય તેમ છે ?**

**ઉત્તર : ધોરણ 4.**

**(૨૨૫) ક્રિયાત્મક સંશોધનનું સૌથી પહેલું સોપાન કયું છે ?**

**ઉત્તર : સમસ્યા પસંદગી.**

**(૨૨૬) કથન પદ્ધતિને અસરકારક બનાવવા કઇ બાબતનો ઉપયોગ શિક્ષકે રાખવો જોઇએ ?**

**ઉત્તર : અનાવશ્યક પુનરાવર્તન.**

**(૨૨૭) ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ કઇ બાબત સાથે સંકળાયેલી છે ?**

**ઉત્તર : ખાનગી ઉમેદવાર માટે ધોરણ 10 તથા ધોરણ 12 પરીક્ષા લેતી સંસ્થા છે.**

**(૨૨૮) ધોરણ 1 થી 10 ના પાઠ્યપુસ્તકોમાં અનુક્રમણિકા પૂર્વે દર્શાવતી મૂળભૂત ફરજોનું વર્ણન ભારતના સંવિધાનની કંઇ કલમમાં કરવામાં આવેલ છે ?**

**ઉત્તર : કલમ 51 ક.**

(૨૨૯) વિજ્ઞાન શિક્ષક પહેલા સમગ્ર શરીર, તેના વિવિધ તંત્રો, શરીરનું કાર્ય વગેરે રજૂ કરી ત્યાર પછી પાચનતંત્ર શીખવે છે.આ શિક્ષક શિક્ષણના કયા સૂત્રને અનુસરે છે **?**

**ઉત્તર : સમગ્રથી અંશ તરફ.**

**(૨૩૦) કેળવણીને ત્રિધૃવી પ્રક્રિયા તરીકે કોને સ્વીકારી** ?

**ઉત્તર : જહોન ડ્યૂઇ.**

(૨૩૧) કયું પરીબળ ધ્યાનના આંતરિક પરીબળ પૈકીનું નથી ?

**ઉત્તર :** ઉદ્દીપકનું પુનરાવર્તન.

(૨૩૨) વિદ્યાર્થીઓના હસ્તાક્ષરના મૂલ્યાંકનમાં કયું સાધન ( પદ્ધતિ) વધારે ઉપયોગી બને **?**

**ઉત્તર : ક્રમમાપદંડ.**

**(૨૩૩) વિદ્યાર્થીઓમાં સહયોગની ભાવનાનો વિકાસ કેવી રીતે કરશો** ?

**ઉત્તર : વિદ્યાર્થીઓને સમૂહકાર્યનો અવસરઆપશો.**

**(૨૩૪) વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન નીચેનામાંથી કઇ પદ્ધતિ દ્વારા થઇ શકે** ?

**ઉત્તર : સતત મૂલ્યાંકન.**



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

**(૨૩૫) બાળકોની અધ્યયન નિષ્પત્તિમાં સુધાર લાવી શકાય છે, જો મા બાપને ..................**

**ઉત્તર : વારંવાર શિક્ષક સાથે અભ્યાસ બાબતે ચર્ચા કરવા સમજાવી સકાય.**

**(૨૩૬) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કઇ યોજના અમલમાં મૂકાઇ** ?

**ઉત્તર : વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના.**

**(૨૩૭) પ્રાથમિકશિક્ષણમાં કયા ધોરણમાં લેખિત પરીક્ષા લેવામાં અઅવે છે ?**

**ઉત્તર : ધોરણ 3 થી 8.**

**(૨૩૮) મેથેમેટિક્સ પ્રકારના અભિગમના પ્રણેતા કોબણ હતાં ?**

**ઉત્તર : ટી.એફ.ગિલ્ફર્ડ.**

**(૨૩૯) એડગર ડેલનો શિક્ષણમાં ફાળો એટલે.....**

**ઉત્તર : અનુભવ શંકુ.**

**(૨૪૦)** SCE **મૂલ્યાંકન પદ્ધતિ અંતર્ગત પ્રત્યક્ષ ગ્રેડિંગ કયા ધોરણમાં અનુસરાય છે** ?

**ઉત્તર :** ધો.1 તથા ધો.2.

**(૨૪૧)** ભારત સરકાર દ્વારા શરૂ થયેલ સાક્ષરતા કાર્યક્રમોને તેના શરૂ થયાના ક્રમમાં ગોઠવો.

**ઉત્તર : 1.પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ. 2.સંપૂર્ણ સાક્ષરતા અભિયાન. 3.અનુસાક્ષરતા અભિયાન. 4.સાક્ષર ભારત.**

**(૨૪૨) પ્રજ્ઞા અભિગમમાં થતા શિક્ષણ કાર્યમાં** 'છાબડી' એ શાની ઓળખ છે ?

**ઉત્તર : છાબડી અધ્યયન જૂથમાં બેસવા માટેની ઓળખ છે.**

(૨૪૩) શાળા શિક્ષણના અભ્યાસક્રમનું માળખું NCF તરીકે ઓળખાય છે, તો તાલીમી કોલેજના અભ્યાસક્રમનું માળખું કયા નામે ઓળખાય છે ?

ઉત્તર : NCFTE

(૨૪૪) દરેક બાળકને પોતાની શીખવાની ગતિ અને ક્ષમતા મુજબ ભણવાની તક શામાં મળે છે ?

ઉત્તર : **પ્રજ્ઞા અભિગમમાં.**

(૨૪૫) SEQIનું પૂરું નામ શું છે ?

ઉત્તર : School Education Quality Index.

(૨૪૬) NAS નું આયોજન કોણ કરે છે ?

ઉત્તર : NCERT.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૨૪૭) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત વાપરવામાં આવતું પત્રક-A કયું છે ?

ઉત્તર : રચનાત્મક મૂલ્યાંકન પત્રક ધોરણ 3 થી 8.

(૨૪૮) સમગ્ર ભારતમાં 10+2+3 તરાહ અપનાવવા અંગેની ભલામણ કયા પંચે કરી હતી ?

ઉત્તર : રાષ્ટ્રીય શિક્ષણ પંચ.

(૨૪૯) માધ્યમિક શિક્ષણ પંચ અન્ય કયા નામથી ઓળખાય છે ?

ઉત્તર : મુદ્દાલિયર કમિશન.

(૨૫૦) કયા શિક્ષણ પંચે દરેક રાજ્યમાં 'પાઠ્યપુસ્તક મંડળ' સ્થાપવાની ભલામણ કરી હતી ?

ઉત્તર : મુદ્દાલિયર કમિશન.

(૨૫૧) માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે 'ત્રણ ભાષાઓ' શીખવાની ભલામણ કયા શિક્ષણ પંચ કરી ?

ઉત્તર : રાષ્ટ્રીય શિક્ષણ પંચ.

(૨૫૨) 'ક્રિયાત્મક સંશોધન' માટે કયો વિકલ્પ યોગ્ય નથી ?

ઉત્તર : તેના ધોરણો સંબંધિત જૂથ સિવાય પણ લાગુ પાડી શકાય છે.

(૨૫૩) 'ક્રિયાત્મક સંશોધન' નું પ્રથમ સોપાન કયું છે ?

ઉત્તર : સમસ્યાની પસંદગી કરવી.

(૨૫૪) 'ક્રિયાત્મક સંશોધન' ના સંદર્ભમાં 'ઉત્કલ્પનાઓ' ની રચના માટે શું સાચું નથી ?

ઉત્તર : ઉત્કલ્પનામાં સંભવિત પરિણામની આગાહી કરવાની હોતી નથી.

(૨૫૫) 'ક્રિયાત્મક સંશોધન' ની સમગ્ર પ્રક્રિયાના પરિપ્રેક્ષ્યમાં આપેલ વિકલ્પોમાંથી કયો વિકલ્પ મર્યાદા ગણાશે ? ઉત્તર : આત્મલક્ષીપણું વધુ આવે તો આવા સંશોધન નિષ્ફળ જાય છે.

(૨૫૬) નીચેનામાંથી કયું કાર્ય NUEPA નું નથી ?

ઉત્તર : પાઠ્યપુસ્તકની રચના કરવી.

(૨૫૭) નીચેનામાંથી કયું કાર્ય GCERT નું નથી ?

ઉત્તર : ખાનગી શાળાઓની ફી નિર્ધારીત કરવી.

(૨૫૮) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનું ભવન કયા નામે ઓળખાય છે ?

ઉત્તર : વિદ્યાયન.

(૨૫૯) નીચે પૈકી કયા કાર્યક્રમમાં ઈન્ટરેક્ટિવ બોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : જ્ઞાનકુંજ પ્રોજેક્ટ.

(૨૬૦) DISE નું પુરૂ નામ જણાવો.

ઉત્તર : DISTRICT INFORMATION SYSTEM FOR EDUCATION.

(૨૬૧) STTI નું પુરૂં નામ જણાવો.

ઉત્તર : Secondary Teachers' Training Institute.

(૨૬૨) પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતો યુનિક આ.ડી.(UID) નંબર કેટલા અંકનો હોય છે ?

ઉત્તર : 18.

(૨૬૩) વિદ્યાર્થીઓના સંગૃહિત માહિતી પત્રક ( CUMULATIVE FORMAT) માટે નીચેનામાંથી શું યોગ્ય છે ?

ઉત્તર : વિદ્યાર્થીના સર્વગ્રાહી વિકાસની સંપૂર્ણ નોંધ ધરાવે છે.

(૨૬૪) ગુજરાતમાં માધ્યમિક શિક્ષકોની તાલીમ સાથે નીચે પૈકી કઇ સંસ્થાની જવાબદારી છે ?

ઉત્તર: RMSA.

(૨૬૫) ઐતિહાસિક પાત્રો અંતર્ગતના અધ્યયન કાર્યમાં નીચેના પૈકી સૌથી વધારે અસરકારક અધ્યયન પદ્ધતિ કઇ છે?

ઉત્તર : જીવન વૃતાંત પદ્ધતિ.

(૨૬૬) CCERT,નવી દિલ્હીનું મુખ્ય કાર્ય શું છે ?

ઉત્તર : શિક્ષકોને સાંસ્કૃતિક વિરાસતથી અવગત કરીને વિદ્યાર્થીઓને શીખવવા માટે તૈયાર કરવા.

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



(૧) 'માનવીની સંપૂર્ણ વ્યક્તિમતાનું પ્રગટીકરણ એટલે કેળવણી' આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : સ્વામી વિવેકાનંદ.

(૨) 'શિક્ષણ માણસને આત્મવિશ્વાસુ અને વિશ્વાસી બનાવે છે' આ વ્યાખ્યા શામાં છે ?

ઉત્તર : ઋગ્વેદ.

(૩) 'હું કદી શિખવતો નથી,હું એવા સંજોગો પેદા કરું છું જેમાં વિદ્યાર્થીઓ શીખે.' આ વિધાન કોનું છે ?

ઉત્તર : આઇનસ્ટાઇન.

(૪) 'જીવનના અંધકારમાં પ્રકાશના કિરણો ફેલાવે તે કેળવણી' આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : એચ.જી.વેલ્સ.

(૫) Education જેના પરથી આવ્યો છે તે educare .......... ભાષાનો શબ્દ છે ?

ઉત્તર : લેટિન.

(૬) 'કેળવણી એ બાળક યા માનવીના મન અને આત્માના ઉત્તમ અંશોનું આવિષ્કરણ' આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ગાંધીજી.

(૭) Education is the Creation of a sound mind in a sound body આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : એરિસ્ટોટલ.

(૮) કેળવણીની પ્રક્રિયા ...........

ઉત્તર : જ્ઞાનોપાર્જન કરે છે.

(૯) શિક્ષણવિદ જહોન ડ્યુઇએ કેળવણીની પ્રક્તિયાને કેવી ગણાવી છે ?

ઉત્તર : ત્રિધ્રુવી.

(૧૦) ભણતર શબ્દ કેળવણીના કયા અર્થમાં વપરાય છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સંકુચિત.

(૧૧) કયા શિક્ષણશાસ્ત્રીએ દુનિયામાં પહેલ વહેલી શાળાની સ્થાપનાને શિક્ષણ જગતની ક્રાંતિ ગણાવી છે ?

ઉત્તર : એરિક એરિબ.

(૧૨) કેળવણીના અર્થમાં 'કેળવણી એટલે જ માનવ અને માનવ સમાજનું નિર્માણ' શબ્દો કોણે ઉચ્ચાર્યા છે ?

ઉત્તર : ડૉ.રાધાકૃષ્ણન.

(૧૩) તાલીમ સાથે નીચેના પૈકી કયું વિધાન અસહસંબંધિત છે ?

ઉત્તર : નિશ્ચિત સમય કે અભ્યાસક્રમ હોતા નથી.

(૧૪) સંકલ્પના એટલે શું?

ઉત્તર : ખ્યાલ કે વિચાર.

(૧૫) વર્તમાન સમયમાં ભણતર શબ્દનો સામાન્ય અર્થ શું થાય છે ?

ઉત્તર : વાંચન,લેખન અને ગણન.

(૧૬) 'માણસ એક જ એવું પ્રાણી છે જેને કેળવી શકાય છે.' – આ વિધાનના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : મનુભાઇ પંચોળી.

(૧૭) કોના મતાનુસાર માનવીને ચરિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તેને જ કેળવણી કહેવાય ?

ઉત્તર : યાજ્ઞવલ્કય.

(૧૮) 'વિકાસોન્મુખ આત્માની અંતર્ગત શક્તિઓ દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ' –કેળવણીની આ વ્યાખ્યા કોને આપી છે ?

ઉત્તર : મહર્ષિ અરવિંદ.

(૧૯) કેળવણીના શાબ્દિક અર્થ સાથે કયું વિધાન સંમત નથી ?

ઉત્તર : કેળવણી એટલે બાળકના સર્વાંગી વિકાસની પ્રક્રિયા.

(૨૦) કેળવણીના વ્યાપક અર્થ સાથે કયું વિધાન સંમત નથી ?

ઉત્તર : કેળવણી એ અપાનુકૂલનની પ્રક્રિયા છે.

(૨૧) 'કુદરત દ્વારા મળતી કેળવણી જ સાચી કેળવણી છે.'- આ વ્યાખ્યા કોને આપી છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : રૂસો.

(૨૨) 'તંદુરસ્ત શરીરમાં તંદુરરસ્ત મનનું ઘડતર કરે તે કેળવણી.' આ વ્યાખ્યા કોને આપી છે ?

ઉત્તર : એરિસ્ટોટલ.

(૨૩) શિક્ષણની ત્રિધૃવી પ્રક્રિયામાં કોનો કોનો સમાવેશ થાય છે ?

ઉત્તર : વિદ્યાર્થી,શિક્ષક,સમાજ.

(૨૪) યુનેસ્કોના આંતરરાષ્ટ્રીય શિક્ષણઆયોગે ૧૯૯૬માં કેળવણી માટેના કેટલા મુદ્દાઓ જાહેર કર્યા હતાં ?

ઉત્તર : નવ.

(૨૫) કેળવણીની ત્રિધૃવી પ્રક્રિયામાં ત્રીજા ધૃવ તરીકે કોને સ્થાન છે ?

ઉત્તર : અભ્યાસક્રમ.

(૨૬) વિવિધ સ્થળોનો પ્રવાસ પ્રવચનોનું શિક્ષણ વડે આપણે શીખીએ છીએ તે કેવા પ્રકારની કેળવણી થશે ?

ઉત્તર : અનૌપચારિક.

(૨૭) શિક્ષણમાં 3Hનો અર્થ કયો છે ?

ઉત્તર : હેડ,હાર્ટ એંડ હેંડ.

(૨૮) હ્યુરિસ્ટિક પદ્ધતિના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : એચ.ઇ.આર્મસ્ટ્રોંગ.

(૨૮) 'શિક્ષક જન્મજાત હોય છે બનાવી શકાતા નથી' આ વિધાનની સંભાવના છે ?

ઉત્તર : શિક્ષણ પદ્ધતિ જન્મજાત હોય છે.

(૨૯) 'સરળ પરથી સંકુલ તરફ જવું' ઉદાહરણ ઓળખો.

ઉત્તર : ગુણાકાર શીખવતાં પહેલાં સરવાળાં શીખવવા.

(૩૦) 'મુર્ત પરથી અમૂર્ત તરફ જવું' ઉદાહરણ ઓળખો.

ઉત્તર : પૃથ્વીના ગોળાકારનો ઉપયોગ કરી વિશ્વના વિવિધ ખંડોની માહિતી આપવી.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૩૧) 'સમગ્ર પરથી અંશ તરફ જવું' સૂત્રનું ઉદાહરણ ઓળખો.

ઉત્તર : હાડપિંજરનું મોડલ સમજાવી માનવ શરીરનાં વિવિધ અંગોનું કાર્ય દર્શાવવું.

(૩૨) 'આગમન પરથી નિગમન તરફ જવું' સૂત્રનું ઉદાહરણ ઓળખો.

ઉત્તર : વ્યાકરણના ભાગોનાં ઉદાહરણો પરથી તેના નિયમો તારવવાં.

(૩૩) 'વિશિષ્ટ પરથી સામાન્ય તરફ જવું' સૂત્રનું ઉદાહરણ ઓળખો.

ઉત્તર : કોઇ એક ગુણધર્મ-સિદ્ધાંત સમજાવવા એક જેવાં અનેક ઉદાહરણો આપવાં.

(૩૪) ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કયા વર્ષમાં થયો ?

ઉત્તર : ૧૯૮૬.

(૩૫) કોઠારી પંચ ભારતમાં કયા વર્ષમાં આવ્યું ?

ઉત્તર : ૧૯૬૪-૬૫.

(૩૬) ગાંધીજીએ શિક્ષણ જગતને કઇ ભેટ આપી ?

ઉત્તર : બુનિયાદી શીક્ષણ.

(૩૭) આફ્રિકા(૧૯૦૪)માં કયા સ્થળે ગાંધીજીએ પ્રયોગો કર્યા ?

ઉત્તર : ફિનિક્સ આશ્રમ.

(૩૮) બુનિયાદી શિક્ષણનું હાર્દસમું કયું શિક્ષણ છે ?

ઉત્તર : સમવાયી શિક્ષણ.

(૩૯) બુનિયાદી શિક્ષણનું બિજું નામ શું છે ?

ઉત્તર : નઇ તાલીમ.

(૪૦) ૨૧મી સદીના શિક્ષણ માટેની વિચારણા કરવા કયા પંચે કહ્યું છે કે : Learning the treasure with in (શિક્ષણ ભિતરનો ખજાનો).

ઉત્તર : ડેલોર્સ પંચ.

(૪૧) ઇ.સ.૧૮૩૪માં કોણ ગવર્નર જનરલની કાઉન્સિલના કાયદાના સભ્ય બની ભારત આવ્યા ?

ઉત્તર : લોર્ડ મેકોલે.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૪૨) કયા શિક્ષણ વડે વિદ્યાર્થી સ્વાવલંબી બને છે ?

ઉત્તર : બુનિયાદી શિક્ષણ.

(૪૩) મેકોલે શિક્ષણમાં કંઇ ભાષાની અવગણના કરી ?

ઉત્તર : માતૃભાષા.

(૪૪) કયું શિક્ષણ જન્મથી મૃત્યુ સુધી ચાલે છે ?

ઉત્તર : અનૌપચારિક.

(૪૫) મૂછાડી માનું બિરુદ કોને આપવામાં આવ્યું છે ?

ઉત્તર : ગિજુભાઇ બધેકા.

(૪૬) ગિજુભાઇના શિક્ષણ દર્શન પર કોની અસર પડી હતી ?

ઉત્તર : મોંટેસરી.

(૪૭) જહોન ડ્યુઇની શિક્ષણ જગતને ઉત્તમ ભેટ કંઇ છે ?

ઉત્તર : પ્રોજેક્ટ પદ્ધતિ.

(૪૮) શિક્ષણમાં 'બાળ સાહિત્યના બ્રહ્મા' તરીકે કોણ જાણીતું છે ?

ઉત્તર : ગિજુભાઇ બધેકા.

(૪૯) કિંડર ગાર્ટન શિક્ષણ પ્રણાલીના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : ફ્રેડરિક ફ્રોબેલ.

(૫૦) ભારતે શિક્ષણનીતિનો સ્વીકાર કયા વર્ષમાં કર્યો ?

ઉત્તર : ૧૯૮૬.

(૫૧) ભારતમાં કયા રાજ્યમાં શિક્ષણનો ડ્રોપ આઉટ રેશીઓ વધું છે ?

ઉત્તર : બિહાર.

(૫૨) વિશ્વ પુસ્તક દિવસ ક્યારે મનાવાય છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : ૨૩મી એપ્રિલ.

(૫૩) ભારતીય વિદ્યાપીઠના સ્થાપક કોણ છે ?

ઉત્તર : કનૈયાલાલ મુનશી.

(૫૪) નિરંતર શિક્ષણની સંકલ્પનાનો ઉદ્દભવ ક્યાંથી થયો ?

ઉત્તર : અમેરિકા.

(૫૫) એડ્યુસેટ શું છે ?

ઉત્તર : શિક્ષણ ઉપગ્રહ.

(૫૬) માઇક્રોટીચીંગનો ખ્યાલ ક્યારે ઉદ્દભવ્યો ?

ઉત્તર : ૧૯૬૧.

(૫૭) માઇક્રોટીચીંગ શબ્દનો સૌપ્રથમ કોણે પ્રયોગ કર્યો ?

ઉત્તર : ડ્વાઇટ એલન.

(૫૮) Microteaching is a scalled down sample of teaching આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : **મેરે.**

(૫૯) 'વર્ગના કદ-સમય મુજબ માપી શકાય એવી અધ્યાપન પ્રક્રિયા એટલે માઇક્રોટીચીંગ' આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ડ્વાઇટ એલન.

(૬૦) 'પ્રતિપોષણનાં પ્રાપ્તિસ્થાનો' માંનુ કયું એક નથી ?

ઉત્તર : પ્રશિક્ષણાર્થી.

(૬૧) આઇ.ડી.સી. નું પુરું નામ કયું છે ?

ઉત્તર : ઇન્ટરગ્રેટેડ એજ્યુકેશન ફોર ડીસેબલ ચિલ્ડ્રન.

(૬૨) ઇ.સ.૧૯૯૯થી I.E.D.C. નું સંચાલન કંઇ સંસ્થા કરે છે ?

ઉત્તર : GCERT.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૬૩) કયું સોપાન માઇક્રોટીચીંગનું નથી ?

ઉત્તર : Management Session.

(૬૪) અધ્યાપન કૌશલ્યમાં 'યોગ્ય પદ્ધતિનો ઉપયોગ' શું કહેવાય ?

ઉત્તર : ઉદાહરણ કૌશલ્ય ઘટક.

(૬૫) 'વિષયાભિમુખ-પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય' વગેરે શું છે ?

ઉત્તર : અધ્યાપન કૌશલ્યો.

(૬૬) શિક્ષણના સ્વરૂપને આધારે કયા પ્રકારો પાડી શકાય ?

ઉત્તર : વર્ણનાત્મક-નિદાનાત્મક-ઉપચારાત્મક.

(૬૭) આદર્શવાદ-Idealism શબ્દની ઉત્પતિ કોના વિચારવાદી સિદ્ધાંતથી થઇ ?

ઉત્તર : પ્લેટો.

(૬૮) આદર્શવાદ વસ્તુ કરતાં કોનું મહત્વ સ્વીકારે છે ?

ઉત્તર : વિચાર,ભાવ આદર્શનું.

(૬૯) પેટ્રિક આદર્શવાદની તુલના કોની સાથે કરે છે ?

ઉત્તર : ભૌતિકવાદ.

(૭૦) આદર્શવાદના વિકાસમાં કોનો ફાળો રહ્યો નથી ?

ઉત્તર : જહોન ડ્યૂઇ.

(૭૧) આદર્શવાદ કોના પક્ષ પર વધુ ભાર મુકે છે ?

ઉત્તર : આધ્યાત્મિક પક્ષ.

(૭૨) આદર્શવાદને શિક્ષણમાં લાવનાર કયા તત્વચિંતક નથી ?

ઉત્તર : એરિસ્ટોટલ.

(૭૩) આદર્શવાદમાં કોને મહત્વ અપાયું નથી ?

ઉત્તર : પ્રકૃતિ.

(૭૪) આદર્શવાદનો મુખ્ય હેતુ રોસ અનુસાર કયો છે ?

ઉત્તર : વ્યક્તિનો ઉત્કર્ષ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૭૫) સત્યમ,શિવમ અને સુંદરમમાં કયા વાદના દર્શન થાય છે?

ઉત્તર : આદર્શવાદ.

(૭૬) આદર્શવાદ બાળકને કોના વડે પરિચિત થવાનું કહે છે ?

ઉત્તર : સંસ્કૃતિ.

(૭૭) આદર્શવાદ અનુસાર બાળકનો આધ્યાત્મિક વિકાસ કરવા શું મહત્વનું ગણવું જોઇએ ?

ઉત્તર : બાળકનો અભ્યાસ.

(૭૮) આદર્શવાદના મતે બાળકના વિકાસ માટે પાઠ્યક્રમમાં કંઇ ત્રણ બાબતોનો સમન્વય કરવો જોઇએ ?

ઉત્તર : જ્ઞાનાત્મક,ભાવાત્મક અને ક્રિયાત્મક.

(૭૯) આદર્શવાદના મતે પાઠયક્રમ કેવો હોવો જોઇએ ?

ઉત્તર : ગતિશીલ.

(૮૦) આદર્શવાદ અનુસાર કયા વિષયને પાઠ્યક્રમમાં સ્થાન નથી ?

ઉત્તર : ગણિત.

(૮૧) શિક્ષણમાં પ્રશ્નોત્તરી પદ્ધતિના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : સોક્રેટિસ.

(૮૨) શિક્ષણમાં સંવાદ પદ્ધતિના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : પ્લેટો.

(૮૩) આદર્શવાદીઓના મતે શિક્ષણમાં કોનું સ્થાન મહત્વનું છે ?

ઉત્તર : શિક્ષક.

(૮૪) આદર્શવાદીઓ કેવા પ્રકારના શિસ્તને વધું મહત્વ આપે છે ?

ઉત્તર : પ્રભાવાત્મક.

(૮૫) ભારતીય તત્વ ચિંતકોમાં કોણ પ્રકૃતિવાદના સમર્થક હતાં ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : ગુરૂદેવ ટાગોર.

(૮૬) પ્રકૃતિવાદના સમર્થક કોણ નથી ?

ઉત્તર : જહોન ડ્યુઈ.

(૮૭) પ્રકૃતિવાદનું સમર્થન કરતું પુસ્તક 'એમિલ'ના લેખક કોણ છે ?

ઉત્તર : રૂસો.

(૮૮) Education પુસ્તકના લેખક કોણ છે ?

ઉત્તર : હર્બાટ સ્પેંશર.

(૮૯) 'પ્રકૃતિ એ જ સત્ય છે.સંસ્કૃતિ એ વિકૃતિ છે.બાળક એ સંસ્કૃતિનો નહીં પરંતુ પ્રકૃતિનો ભાગ છે.' એવું સૂચન કોણે કર્યું ?

ઉત્તર : રૂસો.

(૯૦) કેળવણી એ આડંબર વિનાની હોવી જોઇએ આ સિદ્ધાંત કયા વાદને સમર્થન કરે છે ?

ઉત્તર : પ્રકૃતિવાદ.

(૯૧) કંઇ વિશિષ્ટતા પ્રકૃતિવાદની નથી ?

ઉત્તર : સમાનતા.

(૯૨) પ્રકૃતિવાદ અનુસાર વિષયના શિક્ષણ ઉપરાંત અભ્યાસક્રમમાં કોને સ્થાન હોવું જોઇએ ?

ઉત્તર : દયા,શ્રદ્ધા અને પ્રેમ.

(૯૩) પ્રકૃતિવાદ કયા પ્રકારના શિક્ષણનો વિરોધ કરે છે ?

ઉત્તર : પુસ્તકિયા.

(૯૪) પ્રકૃતિવાદની શિક્ષણ જગતને કંઇ મોટી ભેટ આપી છે ?

ઉત્તર : ક્રિયા દ્વારા શિક્ષણ.

(૯૫) પ્રકૃતિવાદ નીચેના પૈકી કંઇ પદ્ધતિનો વિરોધ કરે છે ?

ઉત્તર : કથન પદ્ધતિ.

(૯૬) પ્રકૃતિવાદ અનુસાર શિક્ષણમાં શિક્ષકનું કાર્ય શું છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : વિદ્યાર્થીઓની પ્રવૃત્તિનું અવલોકન કરવાનું છે.

(૯૭) પ્રકૃતિવાદની મોટામાં મોટી મર્યાદા કંઇ છે ?

ઉત્તર : પુસ્તકિયા જ્ઞાનનો વિરોધ.

(૯૮) વ્યવહારવાદનો જન્મ ૧૭મી,૧૮મી સદીમાં કયા દેશમાં થયો હતો ?

ઉત્તર : અમેરિકા.

(૯૯) વ્યવહારવાદની ઉત્પત્તિ કયા ગ્રીક શબ્દ પરથી થઇ ?

ઉત્તર : Pragmatikos.

(૧૦૦) વ્યવહારવાદ અન્ય કયા નામે ઓળખાય છે ?

ઉત્તર : ઉપયોગિતાવાદ.

(૧૦૧) વ્યવહારવાદ એ મૂળભૂત રીતે કેવી વિચારધારા છે ?

ઉત્તર : જ્ઞાનવાદી.

(૧૦૨) વ્યવહારવાદના વિચારકો કયા કયા છે ?

ઉત્તર : વિલિયમ જેમ્સ,રોજન,પ્રૈટ.

(૧૦૩) "શિક્ષણના ધ્યેયો હોતા નથી.ધ્યેયો માત્ર વ્યક્તિના હોય છે" વિધાન કયા તત્વચિંતકનું છે ?

ઉત્તર : વિલિયમ્સ.

(૧૦૪) વિદ્યાર્થીના ગતિશીલ અને લચીલા મનનો વિકાસ કયા વાદનું સમર્થન કરે છે ?

ઉત્તર : વ્યવહારવાદ.

(૧૦૫) Education is the continuous reconstruction of experience (શિક્ષણ એટલે અનુભવોનું સતત થતું પુન:નિર્માણ) કયા વાદનું સમર્થન કરે છે ?

ઉત્તર : વ્યવહારવાદ.

(૧૦૬) યુવાનોને અધોગતિ તરફ લઇ જનાર નાસ્તિકનું બિરુદ કોને મળ્યું હતું ?

ઉત્તર : બર્નાડ રસેલ.

(૧૦૭) વ્યવહારવાદ અનુસાર અભ્યાસક્રમ કેવો ન હોવો જોઇએ ?

ઉત્તર : પૂર્વ નિર્ધારિત.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૦૮) વ્યવહારવાદ અનુસાર અભ્યાસક્રમ કેવો હોવો જોઇએ ?

ઉત્તર : જીવનની વાસ્તવિક પરિસ્થિતિનું પ્રતિબિંબ પાડે તેવો.

(૧૦૯) કયો સિદ્ધાંત વ્યવહારવાદ અનુસાર અભ્યાસક્રમ રચવામાં સક્ષમ નથી?

ઉત્તર : કુદરત વડે કેળવણી.

(૧૧૦) કયો વિષય ન શિખવાની વ્યવહારવાદ હિમાયત કરે છે ?

ઉત્તર : સંસ્કૃત.

(૧૧૧) વ્યવહારવાદ કંઇ શિક્ષણ પદ્ધતિની હિમાયત કરે છે ?

ઉત્તર : પ્રોજેક્ટ.

(૧૧૨) વ્યવહારવાદની એક મોટી ભેટ પ્રકલ્પ (Project) પદ્ધતિના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : ડૉ.ક્લિપેટ્રીક.

(૧૧૩) કોની પદ્ધતિ વ્યવહારવાદ પર આધારીત છે ?

ઉત્તર : ફ્રોબેલની પદ્ધતિ.

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



(૧) આપણે જેને મનોવિજ્ઞાન કહીએ છીએ તેને આધુનિક મનોવૈજ્ઞાનિકો ...... કહે છે ?

ઉત્તર : બાળ વિકાસ.

(૨) બાળકના જન્મ પૂર્વેથી શરૂ કરી કિશોરાવસ્થાના પ્રારંભિક વર્ષોના તબક્કાઓનો અભ્યાસ ..... કરે છે ?

ઉત્તર : બાળ મનોવિજ્ઞાન.

(૩) બાળ મનોવિજ્ઞાનની પ્રસંગનોંધ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરનાર કોણ છે ?

ઉત્તર : પ્રેસ્ટેકોસ્ટ.

(૪) બાળમાનસ અભ્યાસની 'પ્રશ્નાવલી પદ્ધતિ'ના પ્રણેતા કોણ છે ?

ઉત્તર : જી.સ્ટેનલીહોલે.

(૫) ......... એટલે ગર્ભાધાનથી બે અઠવાડિયા સુધીનો ગર્ભ.

ઉત્તર : યુગ્મનજ.

(૬) શરીરની વૃદ્ધિ અંગેના અભ્યાસના સામાન્ય ઘટકો દર્શાવનાર કોણ છે ?

ઉત્તર : ક્રો એંડ ક્રો.

(૭) મોટેભાગે ...... વય સુધી બાળકનો વિકાસ સહેજ ધીમો બને છે ?

ઉત્તર : ૬ થી ૧૩.

(૮) સામાન્ય રીતે ૧૨મા વર્ષે બાળકોની સરેરાશ ઉંચાઇ ...... હોય છે ?

ઉત્તર : ૬૦ ઇંચ.

(૯) વ્યક્તિની ખડીભળી ઉઠેલી માનસિક સ્થિતિ એટલે..... ?

ઉત્તર : આવેગ.

(૧૦) બાળક એ માણસની લઘુ આવૃતિ છે- એ મત કોનો છે ?

ઉત્તર : લૂઇસ લેંગ ફોર્ડ.

(૧૧) 'બુદ્ધિ એટલે અમૂર્ત વિચારોની શક્તિ' આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ટર્મન.

(૧૨) ૧૯૦૫માં વિશ્વમાં સૌપ્રથમ બુદ્ધિ કસોટી કરનાર ...... ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : બિને-સાયમન.

(૧૩) અતિ હોશિયાર વ્યક્તિનો બુદ્ધિઆંક કેટલો છે ?

ઉત્તર : ૧૨૦ થી ૧૩૯.

(૧૪) સરેરાશ બુદ્ધિશાળી બાળકનો બુદ્ધિઆંક એટલે .... ?

ઉત્તર : ૯૦ થી ૧૦૯.

(૧૫) 'સામાજિક વિકાસ એટલે સામાજિક સંબંધોમાં પરિપક્વતા મેળવવી' આ કોની વ્યાખ્યા છે ?

ઉત્તર : ઇલિઝાબેથ હરલોક.

(૧૬) બાળકના સામાજિક વિકાસના બે તબક્કાઓ કોણે જણાવ્યાં ?

ઉત્તર : જ્યાં પિયાજે.

(૧૭) 'આવેગ એ સમગ્ર ચેતાતંત્રની ક્ષુબ્ધાવસ્થા છે' – આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : વુડવર્થ.

(૧૮) અભિસંધાન દ્વારા આવેગ શિક્ષણને લગતો પ્રયોગ કરનાર કોણ છે ?

ઉત્તર : વોટસન.

(૧૯) બાળકના આવેગિક વિકાસ સંદર્ભે વર્તનવાદનો અભિપ્રાય આપનાર કોણ છે ?

ઉત્તર : જે.બી.વોટસન.

(૨૦) ..... એ વૃદ્ધિ અને વિકાસની ટોચની કક્ષા એટલે કે મહત્તમ કક્ષા છે ?

ઉત્તર : પરિપક્વતા.

(૨૧) 'સામાન્યથી વિશિષ્ટ તરફનું વલણ' શું દર્શાવે છે ?

ઉત્તર : કારક વિકાસ.

(૨૨) બાળકના જાતીય વિકાસની ચર્ચા કરી બાળકને 'Poly mophos perverse' એવું નામ કોણે આપ્યું છે ?

ઉત્તર : સિગ્મંડ ફ્રોઇડ.

(૨૩) બાળક વ્યક્તિત્વના વિકાસનો 'સ્વ વિષેના ખ્યાલ' ને 'દર્પણના સિદ્ધાંત' તરીકે ખ્યાતિ અપાવનાર.......

ઉત્તર : કૂલી.

(૨૪) વ્યક્તિત્વ માપનમાં નિરાશા માપવાના કાર્ટુન શૈલીનાં ચિત્રો દોરાવાની કસોટી કોને પ્રગટ કરી હતી ?

ઉત્તર : હેનરી મરે.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૨૫) 'સામાન્ય બુદ્ધિ ધરાવતું છ-એક વર્ષનું બાળક ભાષા વાંચતા શીખી શકે છે' – આવો અભ્યાસ રજૂ કરનાર.....?

ઉત્તર : ગેસેલ.

(૨૬) બાળકના જન્મથી 11 વર્ષની વય સુધીની ભાષાકીય વિકાસનાં સીમાચિહ્નો આપનાર કોણ છે ?

ઉત્તર : લોરા ઇ બર્ક.

(૨૭) બાળકની રમત અંગેનો અભ્યાસ કરનાર કોણ છે ?

ઉત્તર : હરબટ સ્પેંશર.

(૨૮) 'બાળ મનોવિજ્ઞાનમાં ડોકિયું' પુસ્તકના લેખિકા કોણ છે ?

ઉત્તર : ડૉ.હર્ષિદાબેન પંડિત.

(૨૯) 'ચાઇલ્ડ બિહેવિયર એંડ ડેવલપમેંટ' પુસ્તકના લેખકનું નામ શું છે ?

ઉત્તર : કુપ્પુસ્વામી.

(૩૦) સામાન્ય રીતે કિશોરાવસ્થા એટલે ?

ઉત્તર : ૧૩-૧૪ વર્ષથી યુવાવસ્થા.

(૩૧) બુદ્ધિઆંકનો ખ્યાલ કોણે આપ્યો હતો ?

ઉત્તર : સ્ટર્ને.

(૩૨) વ્યક્તિત્વનું ઉજળું અને સમાજ સ્વીકારે એવું પાસું કયું છે ?

ઉત્તર : બુરખો.

(૩૩) શાહીના ધાબાની પ્રવિધિ કોણે વિકસાવી છે ?

ઉત્તર : રોરશાક.

(૩૪) શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ કરનાર મનોવૈજ્ઞાનિક કોણ છે ?

ઉત્તર : પાવલોવ.

(૩૫) મનોવિજ્ઞાનની પ્રચલિત તુલાપદ્ધતિઓ કોણે વિકસાવી હતી ?

ઉત્તર : થર્સ્ટોન.

(૩૬) કોના મત મુજબ સ્વપ્નો એ અજાગ્રત મનના રાજમાર્ગો છે ?

ઉત્તર : સિગ્મંડ ફ્રોઇડ.

(૩૭) મનોમાપનનો આદ્ય સ્થાપક કોણ કહેવાય છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સર ફ્રાંસિસ ગાલ્ટન.

(૩૮) સામાન્યરીતે 11 થી 14 વર્ષના ગાળાને શું કહે છે ?

ઉત્તર : યુવાવસ્થા.

(૩૯) બાળમાનસ અભ્યાસની સૌથી જૂની પદ્ધતિ કઇ છે ?

ઉત્તર : દંતકથાત્મક પદ્ધતિ.

(૪૦) બાળકને 9 માસ પછી કઇ રસી આપી શકાય છે ?

ઉત્તર : ઓરી.

(૪૧) આપણા મનમાં ચાલતાં સંઘર્ષોને સમજવાનો વૈજ્ઞાનિક પ્રયત્ન કોણે કર્યો હતો ?

ઉત્તર : સિગ્મંડ ફ્રોઇડ.

(૪૨) 'મનોવિજ્ઞાન સજીવ પ્રાણીઓના વર્તનનું હેતુલક્ષી વિજ્ઞાન છે' આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : મેકડૂગલ.

(૪૩) પ્રાણી મનોવિજ્ઞાનને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

ઉત્તર : તુલનાત્મક મનોવિજ્ઞાન.

(૪૪) શૈક્ષણિક મનોવિજ્ઞાનની ઉપયોગીતાનું સમુચ્ચિતમ મૂલ્યાંકન કોણે કર્યું હતું ?

ઉત્તર : ડેવિસ.

(૪૫) અધ્યયન અને અધ્યાપનની સમગ્ર પ્રક્રિયા શાના પર રચાયેલી છે ?

ઉત્તર : શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયા.

(૪૬) ......... એ વ્યક્તિમાં ચાલતી સતત પ્રક્રિયા છે ?

ઉત્તર : અધ્યયન.

(૪૭) અધ્યયનના ક્ષેત્રમાં કયો ખ્યાલ ખૂબ ઉપયોગી નીવડ્યો છે ?

ઉત્તર : પ્રશિક્ષણ સંક્રમણ.

(૪૮) થોર્નડાઇકે કોના પર પ્રયોગો કર્યા હતા ?

ઉત્તર : બિલાડીઓ.

(૪૯) પાવલોવે અધ્યયનની મૂળભૂત પ્રક્રિયા અંગે કયો નિયમ આપ્યો છે ?

ઉત્તર : અભિસંધિત પ્રતિચાર.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૫૦) આનુવંશિક્તા અંગેના શાસ્ત્રને શું કહે છે ?

ઉત્તર : જનીનશાસ્ત્ર.

(૫૧) ઉચ્ચ પરિવારની 977 પ્રખ્યાત વ્યક્તિઓની વંશાવળીનો અભ્યાસ કોણે કર્યો ?

ઉત્તર : ગોડાર્ડ.

(૫૨) આનુવંશિક્તા અંગે ઉંદરો પર પ્રાયોગિક અભ્યાસો કોણે કર્યા હતાં ?

ઉત્તર : ટ્રિયોન.

(૫૩) ન્યુનમેન,ફ્રીમેન અને હોલ્ઝીંગરે કોના પર અભ્યાસ કર્યા હતાં ?

ઉત્તર : એકદળ જોડીયા બાળકો.

(૫૪) ડોનાલ્ડ અને ચિમ્પાંઝી વાનરના બચ્ચાને સાથે ઉછેરવાના પ્રયોગિક અભ્યાસો કોણે કર્યા હતાં ?

ઉત્તર : કેલાગ દંપતીએ.

(૫૫) અભ્યાસક્રમ....... પોષે તેવો હોવો જોઇએ?

ઉત્તર : રુચિ.

(૫૬) જન્મ સમયે મગજનું વજન કેટલું હોય છે ?

ઉત્તર : 350 ગ્રામ.

(૫૭) થોર્નડાઇકે અધ્યયનમાં કયો વાદ આપ્યો છે ?

ઉત્તર : જોડાણવાદ.

(૫૮) આંતરસૂઝ દ્વારા શિક્ષણના પ્રયોગો કોણે કર્યા હતાં ?

ઉત્તર : કોહલર.

(૫૯) સામૂહિક અજાગૃત મનનો ખ્યાલ કોણે આપ્યો છે ?

ઉત્તર : યુંગ.

(૬૦) અધ્યયન સંક્રમણ સાથે કોનું નામ જોડાયેલું છે ?

ઉત્તર : ટોલેમેન.

(૬૧) અભિપ્રેરણાનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

ઉત્તર : મરે.

(૬૨) માનવ જરૂરિયાતોની તેના ક્રમ પ્રમાણે ગોઠવણી કોણે કરી છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : મેસ્લોએ.

(૬૩) બાળ વાનરો પર કોણે પ્રાયોગિક અભ્યાસો કર્યા હતા?

ઉત્તર : હાર્લો.

(૬૪) પ્રતિભાશાળીનો બુદ્ધિનો આંક કેટલો હોય છે ?

ઉત્તર : 140 થી ઉપર.

(૬૫) 'વોકેશનલ ઇંટરેસ્ટ બ્લેંક' કસોટી કોની છે ?

ઉત્તર : સ્ટ્રોંગ.

(૬૬) માનસિક સ્વાથ્યના લક્ષણો કોણે જણાવ્યાં છે ?

ઉત્તર : મેરી જહોડા.

(૬૭) કારકૂની અભિયોગ્યતાનું માપ લેવા માટેની કસોટી કંઇ છે ?

ઉત્તર : મિનેસોટા ક્લેરિકલ ટેસ્ટ.

(૬૮) આઠ પેટા કસોટી ધરાવતી અભિયોગ્યતા કસોટીને શું કહેવામાં આવે છે ?

ઉત્તર : ડી.એ.ટી.

(૬૯) વલણનું પાંચ પ્રકારોમાં વર્ગીકરણ કોણે કર્યું છે ?

ઉત્તર : સ્પ્રેન્જર.

(૭૦) બીજાઓની સિદ્ધિનો સંતોષ પોતે માને તેને કંઇ બચાવપ્રયુક્તિ કહેવામાં આવે છે ?

ઉત્તર : તાદાત્મ્ય.

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



(૧) વર્ગ વ્યવહાર પૃથ્થકરણ સાથે કોણ સંકળાયેલું છે ?

ઉત્તર : નેડ ફ્લેંડર્સ.

(૨) વર્ગ વ્યવહાર તપાસવાના નેડ ફ્લેંડર્સે કેટલા ઘટકો સૂચવ્યા છે ?

ઉત્તર : 10.

(૩) વર્ગ વ્યવહાર તપાસતા દર કેટલી સેકંડે એક બનાવ નોંધાય છે ?

ઉત્તર : 3.

(૪) વર્ગ વ્યવહારમાં પાંચ મિનિટમાં કેટલા બનાવો નોંધાય છે ?

ઉત્તર : 100.

(૫) વિદ્યાર્થીઓની લાગણીઓનો સ્વિકાર એ કયા ઘટકમાં નોંધવામાં આવે છે ?

ઉત્તર : 1.

(૬) ટીકા કરવી કે સત્તા સ્થાપવી એ ઘટક કયા નંબરમાં નોંધાય છે ?

ઉત્તર : 7.

(૭) વર્ગવ્યવહારમાં બનાવોની સાંકળ બનાવતા આગળ અને પાછળ કયો અંક લખવામાં આવે છે ?

ઉત્તર : 10.

(૮) જો શિક્ષકની પરોક્ષ અસરનો આંક 1 કરતાં વધું હોય તો શું અર્થઘટન કરવામાં આવે છે ?

ઉત્તર : પરોક્ષ અસરનું પ્રમાણ સામાન્ય કરતાં ઓછું છે.

(૯) વર્ગ વ્યવહારમાં શુદ્ધ અસરનો આંક કેટલો હોવો જોઇએ ?

ઉત્તર : એક કરતાં વધુ.

(૭) વર્ગ વ્યવહારની મર્યાદા કંઇ છે ?

ઉત્તર : વર્ગ વ્યવહારમાં માત્ર શાબ્દિક-વ્યવહારો જ જાણી શકાય છે.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૮) વર્ગમાં જે બનાવો બન્યા તે નોંધ્યા પછી તેને શામાં નોંધવામાં આવે છે ?

ઉત્તર : મેટ્રિક્ષમાં.

(૯) વર્ગ વ્યવહાર નોંધતા કયો સમય છોડી દેવો સલાહભર્યો છે ?

ઉત્તર : પહેલી પાંચ મિનિટ અને છેલ્લી પાંચ મિનિટ.

(૧૦) માપન સંખ્યાત્મક છે જ્યારે મૂલ્યાંકન...... છે ?

ઉત્તર : ગુણાત્મક.

(૧૧) કયું માપ ઓછું ચોક્કસ છે ?

ઉત્તર : પરીક્ષાના ગુણ.

(૧૨) કયો પ્રકાર પરીક્ષાનો નથી ?

ઉત્તર : અનૌપચારિક.

(૧૩) આપણી ચીલાચાલુ પરીક્ષા નીચેનામાંથી શું માપતી નથી ?

ઉત્તર : સાંવેગિક બાબતો.

(૧૪) ખૂબ નાની વયના બાળકો  માટે કંઇ પરીક્ષા અનુકૂળ છે ?

ઉત્તર : મૌખિક.

(૧૫) મૌખિક પરીક્ષામાં કયા વિદ્યાર્થીને નુક્સાન થાય છે ?

ઉત્તર : શરમાળ.

(૧૬) વિદ્યાર્થીનું મૌલિક અને સ્વતંત્ર ચિંતન કયા પ્રકારના પ્રશ્નો વડે મપાય છે ?

ઉત્તર : નિબંધ પ્રકારના.

(૧૭) પ્રશ્નપત્રોમાં ટૂંક જવાબી પ્રશ્નો વધારે પૂછવાનું કયા શિક્ષણપંચે સૂચવ્યું હતું ?

ઉત્તર : મુદલિયાર પંચ.

(૧૮) દરેક વિદ્યાર્થીનું સંગૃહિત માહિતીપત્રક રાખવાનું કયા પંચે સૂચવ્યું હતું ?

ઉત્તર : માધ્યમિક શિક્ષણ પંચ (1952)



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૯) ટૂંક જવાબી પ્રશ્નથી શું લાભ થાય ?

ઉત્તર : વધારે વિષયવસ્તુ આવરી શકાય.

(૨૦) મૂલ્યાંકનમાં હેતુઓનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કયા નિષ્ણાતે આપ્યું છે ?

ઉત્તર : બેંજામિન બ્લૂમ.

(૨૧) ખાલી જગ્યા પૂરો એ કયા પ્રકારનો પ્રશ્ન છે ?

ઉત્તર : નિશ્ચિત જવાબી.

(૨૨) કયા પ્રકારના પ્રશ્નોમાં વિદ્યાર્થી અટકળે ઉત્તર આપી કેટલાક ગુણ મેળવી શકે ?

ઉત્તર : હા-ના પ્રકાર.

(૨૩) નીચેનામાંથી સારો ટૂંક જવાબી પ્રશ્ન કયો છે ?

ઉત્તર : ધાતુ અને અધાતુ તત્વોના ચાર તફાવત લખો.

(૨૪) વિદ્યાર્થી આપેલા માપનો ખૂણો દોરે છે તેમાં કયા હેતુનું માપન થાય છે ?

ઉત્તર : કૌશલ્ય.

(૨૫) લાગણીની સ્થિરતા,ચિંતા,હતાશા વગેરેનો સમાવેશ બ્લૂમે સૂચવેલા કયા ક્ષેત્રમાં થાય છે ?

ઉત્તર : ભાવાત્મક.

(૨૬) વિદ્યાર્થીની કોઇપણ વિષયની કચાશ જાણવા કયા પ્રકારની કસોટી યોજવામાં આવે છે ?

ઉત્તર : નિદાનાત્મક.

(૨૭) આદર્શ પ્રશ્નપત્ર રચતાં પહેલાં શું તૈયાર કરવું જોઇએ ?

ઉત્તર : બ્લુપ્રિંટ.

(૨૮) 'અનુભવ દ્વારા વર્તનમાં પરિવર્તન લાવવું એટલે શિક્ષણ' આ મત કોનો છે ?

ઉત્તર : ગેટસનો.

(૨૯) પ્રેરણાના સહજવૃતિનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

ઉત્તર : મેકડૂગલ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૩૦) “તમે મને એક બાળક આપો અને તેને કહો તે બનાવી દઉં” આ કથન કરનાર ...... છે ?

ઉત્તર : વૉટસન.

(૩૧) ‘શૈક્ષણિક મનોવિજ્ઞાનના પિતા’ તરીકે કોણ જાણીતું છે ?

ઉત્તર : હર્બટ.

(૩૨) ટીન એજનો સમય કયો છે ?

ઉત્તર : 13 થી 19 વર્ષ.

(૩૩) કયું લક્ષણ એક સારા શિક્ષક માટેનું સૌથી મહત્વનું લક્ષણ છે ?

ઉત્તર : વિદ્યાર્થીઓને અધ્યયન માટે અભિપ્રેરિત કરવા.

(૩૪) શિક્ષણનું અંતિમ લક્ષ્ય...... છે ?

ઉત્તર : વિદ્યાર્થીઓમાં સમસ્યા નિરાકરણનું કૌશલ્ય વિકસાવવાનું છે.

(૩૫) ઉચ્ચ શિક્ષણમાં શિક્ષકનું મુખ્ય કાર્ય કયું છે ?

ઉત્તર : અધ્યાપન,સંશોધન અને વિસ્તરણ.

(૩૬) અભિક્રમિત અધ્યયનની ‘રૈખિક અભિક્રમ’ના પ્રદાતા કોણ છે ?

ઉત્તર : બી.એફ.સ્કિનર.

(૩૭) ‘બાળકે ક્રિયા દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવું જોઇએ’ વિભાવના કરનાર કોણ છે ?

ઉત્તર : જહોન ડ્યુઇ.

(૩૮) ‘શાળા અને ઘર વચ્ચે કોઇ તફાવત ના હોવો જોઇએ’- કહેનાર ?

ઉત્તર : રૂસો.

(૩૯) ‘શિક્ષણનાં સૂત્રો સફળ અધ્યાપન માટેના આધારસ્તંભો છે’ કહેનાર ?

ઉત્તર : ડૉ.જે.વોલ્ટન.

(૪૦) શિક્ષણની સંપૂર્ણ ગુણાત્મક સુધારણાનો નિર્દેશ કરતી સંજ્ઞા કંઇ છે ?

ઉત્તર : TQI.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૪૧) શિક્ષણમાં સતત ગુણવત્તા સુધારણાનો નિર્દેશ કરતી સંજ્ઞા એટલે ?

ઉત્તર : CQI.

(૪૨) મનોવૈજ્ઞાનિકોના મતે તરુણાવસ્થામાં કયો સમયગાળો હોય ?

ઉત્તર : 12 થી 20.

(૪૩) 'આંતરસૂઝ દ્વારા અધ્યયનનો સિદ્ધાંત આપનારા ગેલ્ટાસ્ટ્વાદીઓમાં કોનો સમાવેશ અસંગત છે ?

ઉત્તર : થોર્નડાઇક.

(૪૪) 'અભિપ્રેરણા દ્વારા શિક્ષણ' ની પ્રક્રિયા સમજાવનારાઓમાં કોનો સમાવેશ વિસંગત છે ?

ઉત્તર : કોહલર.

(૪૫) 'પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન' સિદ્ધાંત આપનાર?

ઉત્તર : થોર્નડાઇક.

(૪૬) 'શાસ્ત્રીય અભિસંધાન' નો પ્રયોગ કરનાર ?

ઉત્તર : પાવલોવ.

(૪૭) 'કારક અભિસંધાન'નો પ્રયોગ કરનાર ?

ઉત્તર : ફ્રેડરિક સ્કિનર.

(૪૮) 'પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણ'નાં સોપાનો કયાં છે ?

ઉત્તર : ઇરણ,ધ્યેય,સમસ્યા,અધ્યયન.

(૪૯) 'મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે,જે સંપૂર્ણ શિક્ષણ પ્રણાલીનું મહત્વપૂર્ણ અંગ છે' – મૂલ્યાંકનની આ વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : રીસોર્સન.

(૫૦) મધ્યવર્તી સ્થિતિનું સૌથી આધારભૂત અને ચોક્કસ માપ કયું છે ?

ઉત્તર : મધ્યક.

(૫૧) જ્યારે પ્રાપ્તાંક વર્ગના છેડા અનિશ્ચિત હોય,ત્યારે કયા મધ્યવર્તી સ્થિતિના માપનો ઉપયોગ થાય છે ?

ઉત્તર : મધ્યસ્થ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૫૨) બહુ ઝડપથી શોધી શકાય એવું અને સૌથી ઓછું આધારભૂત મધ્યવર્તી સ્થિતિનું માપ નીચેનામાંથી કયું છે ?

ઉત્તર : બહુલક.

(૫૩) અગ્રીમ સંશોધનોમાં મધ્યવર્તી સ્થિતિના કયા માપનો ઉપયોગ થાય છે ?

ઉત્તર : મધ્યક.

(૫૪) જો પ્રસારમાનનું માપ ઓછું હોય તો તે જૂથ .......

ઉત્તર : ઓછું પ્રચલિત.

(૫૫) જ્યારે મધ્યવર્તી સ્થિતિના માપ તરીકે મધ્યસ્થનો ઉપયોગ થાય,ત્યારે ચલિતતાનું કયું માપ ઉપયોગમાં લેવાય છે ?

ઉત્તર : પાદસ્થ વિચલન.

(૫૬) પાદસ્થ વિચલન શોધવાનું સૂત્ર કયું છે ?

ઉત્તર : $\frac{Q3 - Q1}{2}$

(૫૭) જો સહસંબંધની કિંમત ઋણમાં મળે તો બે ચલ વચ્ચે કેવો સંબંધ હોય છે ?

ઉત્તર : વ્યસ્ત.

(૫૮) સહસંબંધાંકનું મૂલ્ય કેટલું હોય છે ?

ઉત્તર : -1 થી +1 ની વચ્ચે.

(૫૯) વર્તુળની ત્રિજ્યા અને તેના પરિઘનું માપ એ બે વચ્ચે કેવો સહસંબંધ છે ?

ઉત્તર : 1.

(૬૦) ટેપ-રેકોર્ડર એ કયું શૈક્ષણિક સાધન છે ?

ઉત્તર : શ્રાવ્ય.

(૬૧) કોણે જ્ઞાનનો અત્યાધુનિક અસીમ જ્ઞાનનો સ્ત્રોત ગણવામાં આવે છે ?

ઉત્તર : ઇન્ટરનેટ.

(૬૨) CAI નું લાંબુ નામ શું છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : કમ્પ્યૂટર આસિસ્ટેડ ઇંસ્ટ્રક્શન.

(૬૩) ઓ.એચ.પી પ્રોજેક્ટરને ક્યાં રખાય છે ?

ઉત્તર : વર્ગની આગળના ભાગમાં.

(૬૪) એપિડાયોસ્કોપનો ઉપયોગ કરતાં પ્રકાશ વ્યવસ્થા અંગે શું વિચારવું પડે છે ?

ઉત્તર : ઓરડો તદ્દન અંધકારવાળો હોવો જોઇએ.

(૬૫) કયા ઉપકરણની મદદથી કાગળ પરનું ચિત્ર પડદા ઉપર મેળવી શકાય ?

ઉત્તર : એપિડાયોસ્કોપ.

(૬૬) ઓવરહેડ પ્રોજેકટર ચલાવતાં કેટલું અંધારું જરૂરી છે ?

ઉત્તર : એકદમ સામાન્ય અંધારૂં.

(૬૭) ફિલ્મ-સ્ટ્રીપની મર્યાદા કંઇ છે ?

ઉત્તર : તેમાં ગતિ દર્શાવી શકાતી નથી.

(૬૮) એપિડાયોસ્કોપ શિક્ષકો ખાસ વાપરતાં નથી.તેનું ખાસ કારણ કયું છે ?

ઉત્તર : ખૂબ વજનદાર હોવાથી હેરફેર ઘણી અગવડભરી છે.

(૬૯) વિદ્યાર્થી પોતે જ કોમ્પ્યૂટર સામે બેસી અગાઉથી તૈયાર કરેલો શૈક્ષણિક કાર્યક્રમ જોઇને અધ્યયન કરતાં હોય તેને શું કહેવાય છે ?

ઉત્તર : કમ્પ્યૂટર આસિસ્ટેડ લર્નિંગ.

(૭૦) સ્લાઇડ પ્રોજેક્ટરમાં સ્લાઇડ કંઇ રીતે મૂકવામાં આવે છે ?

ઉત્તર : ઊંધી.

(૭૧) અંગ્રેજી ભાષામાં શબ્દોના ઉચ્ચાર સારી રીતે શીખવવા શું ઉપયોગી છે ?

ઉત્તર : ભાષા પ્રયોગશાળા.

(૭૨) મૉડેલની મર્યાદા કંઇ છે ?

ઉત્તર : પદાર્થ કે વસ્તુના કદનો ખોટો ખ્યાલ બાંધવાનો ભય.

(૭૩) હવે 16 મિ.મિ.ફિલ્મ પ્રોજેક્ટર ખાસ વપરાતું નથી.કારણકે ....



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : હવે તેનું સ્થાન વીડિયો કેસેટે લીધું છે.

(૭૪) ક્રિયાત્મક સંશોધનના પ્રણેતા કોણ હતાં ?

ઉત્તર : સ્ટીફન કોરે.

(૭૫) ક્રિયાત્મક સંશોધનનું પ્રારંભિક કાર્ય કયા દેશમાં થયું હતું ?

ઉત્તર : અમેરિકા.

(૭૬) ક્રિયાત્મક સંશોધન શાનો ઉકેલ આપે છે ?

ઉત્તર : શિક્ષકની રોજબરોજની સમસ્યાનો સ્થાનિક ઉકેલ.

(૭૭) ક્રિયાત્મક સંશોધન કોણ હાથ ધરી શકે ?

ઉત્તર : જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓ.

(૭૮) ક્રિયાત્મક સંશોધનના પરિણામો કોને ઉપયોગી છે ?

ઉત્તર : કોઇ એક શાળા કે કોઇ એક વર્ગ.

(૭૯) ક્રિયાત્મક સંશોધન કેટલી વ્યક્તિઓ હાથ ધરી શકે ?

ઉત્તર : એક કરતાં વધુ પરંતુ લગભગ 10 જેટલી.

(૮૦) ક્રિયાત્મક સંશોધનની ઉત્કલ્પના કયા સ્વરૂપની હોય છે ?

ઉત્તર : જો...તો...ઉત્કલ્પના.

(૮૧) ક્રિયાત્મક સંશોધનનું લક્ષણ કયું છે ?

ઉત્તર : શિક્ષક હાથ ધરે છે,ટૂંકાગાળાનું અને બિન ખર્ચાળ.

(૮૨) ક્રિયાત્મક સંશોધનનું સૌથી મહત્વનું સોપાન કયું ?

ઉત્તર : પ્રયોગ કાર્યનું અમલીકરણ.

(૮૩) ક્રિયાત્મક સંશોધનમાં મૂલ્યાંકનના સોપાનનું શું મહત્વ છે ?

ઉત્તર : પ્રયોગની સફળતા કે નિષ્ફળતા મૂલ્યાંકનથી જાણી શકાય છે.

(૮૪) ક્રિયાત્મક સંશોધન માટેની પાયાની માહિતીનો સ્રોત કયો નથી ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સંશોધનના પુસ્તકમાં આપેલી માહિતી.

(૮૫) જો ક્રિયાત્મક સંશોધનમાં અપેક્ષિત સફળતા ન મળે તો શું કરવામાં આવે છે ?

ઉત્તર : શા માટે સંશોધન નિષ્ફળ જવાયું તેનાં કારણો શોધી ફરીથી ક્રિયાત્મક સંશોધન હાથ ધરાય છે.

(૮૬) ધ્યાન વિસ્તારનું માપન કરવા માટે કયા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે ?

ઉત્તર : ટેચીટોસ્કોપ.

(૮૭) 'શિક્ષણ એટલે અનુભવોનું સતત થતું પુન:નિર્માણ' આ વિધાન કયા વાદનું સમર્થન કરે છે ?

ઉત્તર : વ્યવહારવાદ.

(૮૮) ગિજુભાઇ બધેકાએ શિક્ષણના પ્રયોગો કંઇ સંસ્થામાં કર્યા હતાં ?

ઉત્તર : લોકભારતી.

(૮૯) ગિજુભાઇ બધેકાએ કયા વર્ષે બાલમંદિરની સ્થાપના કરી હતી ?

ઉત્તર : ઇ.સ.1920.

(૯૦) ભારત સરકારે 1977માં માધ્યમિક શિક્ષણની સમીક્ષા કરવા કંઇ સમિતિની રચના કરી હતી ?

ઉત્તર : ઇશ્વરભાઇ પટેલ સમિતિ.

(૯૧) 'શિક્ષણકાર્ય જ્ઞાનની સમગ્રતયાને ધ્યાનમાં રાખી કરવું જોઇએ' આ વિધાનમાં કયા સિદ્ધાંતનો ઉપયોગ થયેલો છે ?

ઉત્તર : આંતરસૂઝ દ્વારા શિક્ષણ.

(૯૨) 'કાંટા પરા પગ પડતાં પગ ઉંચો થઇ જવો' એ ક્રિયા કયા પ્રતિચાર પર આધારીત છે ?

ઉત્તર : અનઅભિસંધિત.

(૯૩) ક્રિયાત્મક સંશોધનને 'કેળવણીની નાની સીંચાઇ યોજના' તરીકે કોણ ઓળખાવે છે ?

ઉત્તર : ગુણવંત શાહ.

(૯૪) " Learning by Doing" નો સિદ્ધાંત કોને આપ્યો ?

ઉત્તર : જહોન ડ્યુઇ.

(૯૫) કોણ શિક્ષકને માળી સાથે સરખાવે છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : ફ્રોબેલ.

(૯૬) ‘શિક્ષણ એ ચેતનાની ખોજ છે.’ એમ કોને કહ્યું છે ?

ઉત્તર : ગુણવંત શાહ.

(૯૭) “ આપણાં પગ,આપણાં હાથ અને આપણી આંખો એ આપણાં ઉત્તમ શિક્ષકો છે.” એમ કોને કહ્યું છે ?

ઉત્તર : રૂસો.

••••••••



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



(૧) બુનિયાદી શિક્ષણનો નૂતન વિચાર કોણે આપ્યો ?

ઉત્તર : ગાંધીજી.

(૨) વિધ્યાર્થીને શું શીખવવું તે ફિલસૂફી જણાવે છે,પરંતુ વિધ્યાર્થીને કંઇ રીતે શીખવવું તે ......... દર્શાવે છે.

ઉત્તર : મનોવિજ્ઞાન.

(૩) દરેક બાળક પ્રેમ ઝંખે છે,તે પ્રેમનું ભૂખ્યું છે.આ બાબત કઇ જરૂરિયાત ઉપર ભાર મૂકે છે ?

ઉત્તર : સાંવેગિક.

(૪) શરીરના કદ,લંબાઇ અને આકારમાં થતો વધારો કયા નામે ઓળખાય છે ?

ઉત્તર : વૃદ્ધિ.

(૫) શેના વિના શિક્ષણ નિષ્ફળ જાય છે ?

ઉત્તર : પરિપક્વતા.

(૬) કેળવણીને કેવી પ્રક્રિયા ગણવામાં આવે છે ?

ઉત્તર :આજીવન.

(૭) ‘ હું શિક્ષણમાં મનોવિજ્ઞાન પ્રયોજીશ.’ આવું વિધાન કયા મનોવૈજ્ઞાનિકે કર્યું ?

ઉત્તર : પેસ્ટાલોજી.

(૮) બુનિયાદી શિક્ષણમાં કેળવણીનું માધ્યમ કંઇ ભાષાને ગણવાનું સૂચવાયું છે ?

ઉત્તર :માતૃભાષા.

(૯) બચાવપ્રયુક્તિ એટલે શું ?

ઉત્તર : હતાશામાં બચવાનો કામચલાઉ ઉકેલ.

(૧૦) EQ એટલે શું ?

ઉત્તર : સાંવેગિક બુદ્ધિઆંક.

(૧૧) આધ્યાત્મિક બુદ્ધિઆંક માટે નીચેનામાંથી કયો સંકેત વપરાય છે ?

ઉત્તર : SQ

(૧૨) વિશ્વભરમાં જાણીતી અભિરુચિ સંશોધનિકા કંઇ છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સ્ટોંગની અભિરુચિ સંશોધનિકા.

(૧૩) “માનવના મન,શરીર અને આત્મામાં કે કાંઇ શ્રેષ્ઠ છે તે બહાર લાવવું એટલે શિક્ષણ.” આ વ્યાખ્યા કોણે આપી છે ?

ઉત્તર :ગાંધીજી.

(૧૪) “માનવીની સંપૂર્ણ વ્યક્તિમતાનું પ્રગટીકરણ  એટલે કેળવણી” આ વ્યાખ્યા કોણે આપી છે ?

ઉત્તર :સ્વામી વિવેકાનંદ.

(૧૫) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના કોની ભલામણોને આધારે થઇ ?

ઉત્તર :રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૮૬ અને ૯૫.

(૧૬) NCERT નું વડું મથક ક્યાં આવેલું છે ?

ઉત્તર :નવી દિલ્હી.

(૧૭) GCERT નું ગુજરાતી નામ શું છે ?

ઉત્તર : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.

(૧૮) ભણવામાં ઓછા ગુણ લાવતો મયુર રમતના મેદાનમાં ખીલી ઊઠે છે.આ બાબતને કંઇ બચાવપ્રયુક્તિ ગણાય?

ઉત્તર : ક્ષતિપૂર્તિ.

(૧૯) ગુજરાતી ભાષામાં અભિરુચિ સંશોધનિકાના રચયિતા કોણ છે ?

ઉત્તર : જે.સી.પરીખ.

(૨૦) જેનો બુદ્ધિઆંક ૧૦૦ હોય એ વિદ્યાર્થીને કેવો ગણવામાં આવે છે ?

ઉત્તર : મેધાવી.

(૨૧) પરીક્ષામાં નાપાસ થનાર રાજેશ તેના રૂમમાં ભરાઇ બેસી જાય છે,આ કંઇ બચાવપ્રયુક્તિ છે ?

ઉત્તર : અલિપ્તતા.

(૨૨) બુદ્ધિનો આધાર શેના પર રહેલો છે ?

ઉત્તર :અનુવેશ.

(૨૩) આનુવંશિક્તાનો આધાર શેના પર રહેલો છે ?

ઉત્તર : માતાપિતા દ્વારા પ્રાપ્ત રંગસૂત્રો પર.

(૨૪) લાકડાના ટુકડા ગોઠવી ચોક્કસ આકારો બનાવવા એ કયા પ્રકારની બુદ્ધિમાન કસોટીમાં આવે છે ?

ઉત્તર : ક્રિયાત્મક.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૨૫) પરીક્ષામાં નાપાસ થયેલો મયૂર કહે છે કે શિક્ષકોએ ઉત્તરવહીઓ જ બરાબર તપાસી નથી,આ કંઇ બચાવપ્રયુક્તિ છે ?

ઉત્તર : પ્રક્ષેપણ.

(૨૬) બુદ્ધિમાનના પિતા કોણ ગણાય છે ?

ઉત્તર : બિને.

(૨૭) બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત કોણે આપ્યો ?

ઉત્તર : ગાર્ડનર.

(૨૮) આધુનિક મનોવિજ્ઞાન કયા શિક્ષણને મહત્વ આપે છે ?

ઉત્તર : વિધ્યાર્થી કેન્દ્રી શિક્ષણ.

(૨૯) ખુશીની માનસિક વય ૨૦ વર્ષ અને શારીરિક વય ૧૫ વર્ષ હોય તો બુદ્ધિઆંક કેટલો થાય ?

ઉત્તર : ૧૩૩.

(૩૦) નીચેનામાંથી કંઇ અનુકૂલન સમસ્યા નથી ?

ઉત્તર : સહાધ્યાયીઓ સાથે સહકાર.

(૩૧) રાષ્ટ્રીય શિક્ષણનીતિ કંઇ સાલમાં ઘડવામાં આવી ?

ઉત્તર : ૧૯૬૬.

(૩૨) શેનો ઉપયોગ વર્ગ પ્રત્યાયનને અસરકારક બનાવે છે?

ઉત્તર : શિક્ષકની પ્રતિભા.

(૩૩) રોહશાકના શાહીના ડાઘાની કસોટી કયા પ્રકારની પ્રયુક્તિ છે ?

ઉત્તર : પ્રક્ષેપણ.

(૩૪) આંતરસૂઝ દ્વારા થતા અધ્યયન સાથે કયો મનોવૈજ્ઞાનિક જોડાયેલો નથી ?

ઉત્તર : થોર્નડાઇક.

(૩૫) પાવલોવે તેમના પ્રયોગો કયા પ્રાણી ઉપર કર્યા હતાં ?

ઉત્તર : કૂતરો.

(૩૬) જીવનમાં સફળતા માટે કંઈ પરિસ્થિતિ જરૂરી છે ?

ઉત્તર : સારો IQ કે સારો EQ.

(૩૭) વર્ગમાં અસરકારક શિસ્ત જાળવવા કયું લક્ષણ જરૂરી છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : અસરકારક શિક્ષણકાર્ય.

(૩૮) નીચેનામાંથી કંઇ બાબત સારા અધ્યાપનની સૂચક છે ?

ઉત્તર : વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ પ્રશ્નો પૂછે.

(૩૯) નીચેનામાંથી કયું શૈક્ષણિક સાધન વાપરવું સહેલું અને કિંમતમાં સસ્તું છે ?

ઉત્તર : ટ્રાન્સપરન્સી.

(૪૦) શીખવાની બાબતો ખૂબ જ સરળતાથી કંઇ ભાષામાં શીખવી શકાય?

ઉત્તર : માતૃભાષા ગુજરાતીમાં.

(૪૧) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું અંગ્રેજીમાં ટૂંકું નામ શું છે ?

ઉત્તર : DIET (District Institute of Education & Training)

(૪૨) GCERT (Gujarat Council of Educational Research and Training) નું વડું મથક ક્યાં આવેલું છે ?

ઉત્તર : ગાંધીનગર.

(૪૩) NCTE કંઇ શિક્ષણસંસ્થાને માન્યતા આપે છે ?

ઉત્તર : શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓ.

(૪૪) કેળવણી જો દ્વિધૃવી પ્રક્રિયા હોય અને એક છેડે શિક્ષણ હોય તો બીજા છેડે કોણ હોય ?

ઉત્તર : વિદ્યાર્થી.

(૪૫) બુદ્ધિઆંક શોધવા માનસિક વય અને શારીરિક વયના ગુણોત્તરને કંઇ સંખ્યા વડે ગુણવામાં આવે છે ?

ઉત્તર : ૧૦૦.

(૪૬) વ્યક્તિગત તફાવતો સંતોષવા નીચેનામાંથી કંઇ શિક્ષણ પદ્ધતિ વધારે ઉપયોગીછે ?

ઉત્તર : અભિક્રમિક અધ્યયન.

(૪૭) ૬૦ થી ૬૯ બુદ્ધિઆંક કેવો બુદ્ધિઆંક ગણવામાં આવે છે ?

ઉત્તર : ન્યૂન બુદ્ધિ.

(૪૮) બીજાઓની સિદ્ધિનો સંતોષ પોતે માને તેને કંઇ બચાવપ્રયુક્તિ કહેવામાં આવે છે ?

ઉત્તર : તાદાત્મ્ય.

(૪૯) ક્રિયાત્મક સંશોધનના પરિણામો કોણે ઉપયોગી છે ?

ઉત્તર : કોઇ એક શાળા કે કોઇ એક વર્ગ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૫૦) ક્રિયાત્મક સંશોધનના પ્રણેતા કોણ હતાં ?

ઉત્તર : પાવલોવ.

(૫૧) ક્રિયાત્મક સંશોધન કોણ હાથ ધરી શકે ?

ઉત્તર : સંશોધન તજજ્ઞ.

(૫૨) વિશ્વના કોઇ પણ વિષયના એક એકમ પરનું જ્ઞાન કયા સ્ત્રોત દ્વારા ઘેર બેઠા મેળવી શકાય ?

ઉત્તર :ઇન્ટરનેટ.

(૫૩) કયા ઉપકરણથી કાગળ પરનું ચિત્ર પડદા પર મેળવી શકાય ?

ઉત્તર :એપિડાયોસ્કોપ.

(૫૪) ....... વ્યક્તિને વિશેષ ક્રિયાશીલ બનાવે છે ?

ઉત્તર : પ્રેરણા.

(૫૫) અધ્યયનના ક્ષેત્રમાં કયો ખ્યાલ ખૂબ ઉપયોગી નીવડ્યો છે ?

ઉત્તર : પ્રશિક્ષણ સંક્રમણ.

(૫૬) શિક્ષણ અને મનોવિજ્ઞાન વચ્ચે સંબંધ સ્થાપિત કરવાનો યશ કોને ફાળે જાય છે ?

ઉત્તર : પેસ્ટોલોજી.

(૫૭) વ્યવહારવાદ કંઇ શિક્ષણ પદ્ધતિની હિમાયતકરે છે ?

ઉત્તર : પ્રદર્શન.

(૫૮) ઝોન ડ્યુઇ વ્યવહારવાદ અનુસાર કેવા પ્રકારની શિસ્તના વિરોધી હતાં ?

ઉત્તર : એક પણ નહીં.

(૫૯) ફિલ્મ સ્ટ્રીપની મર્યાદા નીચેનામાંથી કંઇ છે ?

ઉત્તર : તેમાં ગતિ દર્શાવી શકાતી નથી.

(૬૦) વિદ્યાર્થીની કઇ વિષયની કચાશ જાણવા કયા પ્રકારની કસોટી યોજવામાં આવે છે ?

ઉત્તર : ગુણાત્મક.

(૬૧) આદર્શ પ્રશ્નપત્ર રચતાં પહેલાં શું તૈયાર કરવું જોઇએ ?

ઉત્તર : બ્લ્યુ પ્રિન્ટ.

(૬૨) મુલ્યાંકનમાં હેતુઓનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કયા નિષ્ણાતે આપ્યું છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : બેંજામિન બ્લુ.

(૬૩ ) ના સમજાયું ? ફરી સમજાવું ? આકૃતિ દોરીને સમજાવું ? શિક્ષક જ્યારે આવા શબ્દો બોલે છે તે  બધા કંઇ ઘટનામાં નોંધાય ?

ઉત્તર : લાગણી સ્વીકાર.

(૬૪) પોતાની ઇચ્છા કે વિચારોનું બીજા પર આરોપણ કરવાને શું કહે છે ?

ઉત્તર : પ્રક્ષેપણ.

(૬૫) આઠ પેટા કસોટી ધરાવતી અભિયોગ્યતા કસોટીને શું કહેવામાં આવે છે ?

ઉત્તર : ડી.એ.ટી.

(૬૬) માનસિક સ્વાથ્યનાં લક્ષણો કોણે જણાવ્યાં છે ?

ઉત્તર : મેરી જહોડા.

(૬૭) અનુકૂલન સાધેલી વ્યક્તિ કેવી હોય છે ?

ઉત્તર : માનસિક રીતે સ્વસ્થ.

(૬૮) ફ્રોઇડનું મુખ્ય કાર્ય શેના પર કેંદ્રિત થયું હતું?

ઉત્તર : અજાગૃત પ્રેરણા.

(૬૯) .........વ્યક્તિને વિશેષ ક્રિયાશીલ બનાવે છે ?

ઉત્તર : પ્રેરણા.

(૭૦) વ્યવહારવાદ અનુસાર અભ્યાસક્રમ કેવો હોવો જોઇએ ?

ઉત્તર :જીવનની વાસ્તવિક પરિસ્થિતિ પર આધારીત.

(૭૧) 'સત્યમ,શિવમ,સુંદરમ' માં કયા વાદના દર્શન થાય છે ?

ઉત્તર : આદર્શવાદ.

(૭૨) નીચેનામાંથી વસ્તુબોધ કસોટીના રચનાકાર મનોચિકિત્સક કોણ છે ?

ઉત્તર : હેનરી મરે અને મોર્ગન.

(૭૩ ) જડ-મૂઢ-મૂર્ખ બાળકોનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?

ઉત્તર : ૨૫ થી ૫૦.

(૭૪) કમ અક્લ બાળકોની માનસિક આયુ કેટલી હોય છે ?

ઉત્તર : ૭ થી ૧૨.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૭૫) ગોડાર્ડ,સેગ્વિન,ફ્રેમબોર્ડ,આકારો' વગેરે કંઇ કસોટીમાં હોય છે ?

ઉત્તર : ક્રિયાત્મક.

(૭૬) શૈક્ષણિક મનોવિજ્ઞાનની જેમ ઉપયોગી 'પ્રયોગ પદ્ધતિ'ના શોધક કોણ છે ?

ઉત્તર : વિલ્હેમ વુન્ટ.

(૭૭) કયો એક વિકલ્પ વિકાસની લાક્ષણિકતા નથી ?

ઉત્તર : સીમિત-મર્યાદિત.

(૭૮) શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ કરનાર ?

ઉત્તર : પાવલોવ.

(૭૯) પ્રેરણાના સંદર્ભે જરૂરિયાતોની શ્રેણી રજૂ કરનાર ?

ઉત્તર : અબ્રાહમ મેસ્લો.

(૮૦) 'અધ્યયન સંક્રમણ' અંગેના સંશોધન-પ્રયોગ કરનારાઓમાં કોનો સમાવેશ અસંગત છે ?

ઉત્તર : સ્કિનર.

(૮૧) અનુકૂલન સાધવા માટેનું અવરોધ પરિબળ કયું છે ?

ઉત્તર : પ્રેરણા સંઘર્ષ.

(૮૨) અધ્યયન પર અસર કરનાર વિષયવસ્તુ સંબંધી પરિબળોમાં કયું એક અસંગત છે ?

ઉત્તર : ખંડ સમગ્રતા.

(૮૩) 'સામાન્ય પ્રતિચારો,સમસ્યા ઉકેલ, સ્નાયવિક ટેવો,પ્રેરણાઓ,વલણો' વગેરે શું છે ?

ઉત્તર : અધ્યયનની નીપજો.

(૮૪) નીચેનામાંથી કયો એક વિકલ્પ 'વિકાસની અવસ્થાઓ' માટે અસંગત છે ?

ઉત્તર : સૌદર્યાવસ્થા.

(૮૫) " દ્રાક્ષ તો ખાટી છે " આ ઉદાહરણ કંઇ બચાવપ્રયુક્તિનું છે ?

ઉત્તર : યૌક્તિકીકરણ.

(૮૬) વિચારો કે લાગણીઓને ઉંચે લઇ જવા માટેની બચાવપ્રયુક્તિ કંઇ છે ?

ઉત્તર : ઊર્ધ્વીકરણ.

(૮૭) ફ્રોઇડ કંઇ બચાવપ્રયુક્તિને અજ્ઞાત મનને સમજવાનો રાજમાર્ગ ગણે છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : સ્વપ્નપ્રયુક્તિ.

(૮૮) મનોવલણના મુખ્ય કેટલા ઘટકો છે ?

ઉત્તર : ચાર.

(૮૯) લિકર્તની મનોવિજ્ઞાનની પદ્ધતિ ક્યારે વિકસી હતી ?

ઉત્તર : ૧૯૩૨.

(૯૦) 'ખોરાકની અવેજીમાં ઘંટળીના ઉદ્દીપકથી લાળ ટપકવી' તેને શિક્ષણની કંઇ પદ્ધતિ કહે છે ?

ઉત્તર : શાસ્ત્રીય અભિસંધાન.

(૯૧) જરૂરિયાતોનો સંતોષ પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી ઉદ્દભવતું વર્તન એટલે શું ?

ઉત્તર : પ્રેરણા.

(૯૨) મનોવૈજ્ઞાનિક પ્રેરણામાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે ?

ઉત્તર : જીજ્ઞાસા.

(૯૩) મનોવૈજ્ઞાનિકોએ પ્રેરણાના મુખ્ય કેટલા પ્રકાર પાડ્યાં છે ?

ઉત્તર : બે.

(૯૪) આપણે આંખો દ્વારા કેટલા પ્રમાણમાં જ્ઞાન ગ્રહણ કરી શકીએ છે ?

ઉત્તર : ૮૪ %.

(૯૫) 'શિક્ષકની વાણી અને વર્તનમાં તફાવત ન હોવો જોઇએ.'આ મત કોનો છે ?

ઉત્તર : મેકેનન.

(૯૬) પ્રોજેક્ટ પદ્ધતિના સાંપ્રત પ્રવર્તક કોણ છે ?

ઉત્તર : ડૉ.કિલ પેટ્રિક.

(૯૭) એસાઇમેંટ કેટલા પ્રકારના હોય છે ?

ઉત્તર : બે પ્રકારના.

(૯૮) આપણા ત્યાં મૂલ્યાંકન માટે લેખિત પરીક્ષાની શરૂઆત ક્યારથી થઇ ?

ઉત્તર : ઇ.સ.૧૮૯૦ થી.

(૯૯) ઐતિહાસિક દ્રષ્ટિએ લેખિત પરીક્ષા સાથે કોનું નામ જોડાયેલું છે ?

ઉત્તર : હોરસમાન.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૦૦) નિગમન અને વ્યાપ્તિ શિક્ષણ પદ્ધતિઓ કેવી છે ?

ઉત્તર : એકબીજાની પૂરક.

(૧૦૧) શાળામાં પ્રવેશ પહેલાની બાળકોની રમતોને શેમાં વર્ગીકૃત છે ?

ઉત્તર : આત્મકેંદ્રી રમતોમાં.

(૧૦૨) વિદ્યાર્થીઓના ચહેરાની મુદ્રાઓ સંક્રમણ-પ્રક્રિયાના કયા ઘટક સાથે સંબંધ દર્શાવે છે ?

ઉત્તર : સંદેશો.

(૧૦૩) 'પ્રકૃતિ-શિક્ષણ-વસ્તુઓ' શિક્ષણદર્શનના આ પ્રેરણા સ્ત્રોત આપનાર કોણ છે ?

ઉત્તર : જેકલીન રૂસો.

(૧૦૪) રૂસોની શિક્ષણપદ્ધતિ કંઇ છે ?

ઉત્તર : પ્રકૃતિવાદ પદ્ધતિ.

(૧૦૫) 'ક્રિયા,સંશોધન અને વસ્તુઓ દ્વારા શિક્ષણ' આ પદ્ધતિ કોની છે ?

ઉત્તર : રૂસો.

(૧૦૬) તત્વજ્ઞાન અને કેળવણી ......... છે ?

ઉત્તર : પરસ્પર આશ્રિત.

(૧૦૭) વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણના કયા હેતુની પ્રાપ્તિ કરી શકાતી નથી ?

ઉત્તર : ક્રિયાત્મક.

(૧૦૮) જ્ઞાન+બોધ બન્નેના સરવાળાથી ......... બને છે ?

ઉત્તર : ઉપયોગ.

(૧૦૯) Technikos–કલા પરથી ઉતરેલા Technology શબ્દનું મૂળ ........... છે ?

ઉત્તર : લેટિન ભાષામાં.

(૧૧૦) શૈક્ષણીક ટેક્નોલોજીનો સૌપ્રથમ ઉપયોગ ક્યારે થયો હતો ?

ઉત્તર : ૧૯૫૦ ઇંગ્લેન્ડમાં.

(૧૧૧) સૌપ્રથમ Education Technology શબ્દનો પ્રયોગ કરનાર કોણ છે ?

ઉત્તર : બ્રાઇન મર.

(૧૧૨) શિક્ષણની સમગ્રતા અને અખંડિતતાનો ખ્યાલ કયા અભિગમમાં છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : પ્રણાલી અભિગમ.

(૧૧૩) Microteaching શબ્દનો સૌપ્રથમ પ્રયોગ કોણે કર્યો ?

ઉત્તર : ડ્વાઇટ એલન.

(૧૧૪) 'પ્રતિપોષણના પ્રાપ્તિસ્થાનો' માંનું કયું એક નથી ?

ઉત્તર : પ્રશિક્ષણાર્થી.

(૧૧૫) ઇંદીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય જેવી કેંદ્રીય સંસ્થા દ્વારા ભારતમાં દૂરવર્તી શિક્ષણનો પ્રારંભ ક્યારથી થયો?

ઉત્તર : ૧૯૯૫.

(૧૧૬) દુરવર્તી શિક્ષણના અસરકારક વર્ગવ્યવહાર બનાવવાના મુખ્ય ઘટકોમાંનો એક ઘટક કયો ?

ઉત્તર : પ્રત્યાયન વર્ગવ્યવહાર.

(૧૧૭) ભારતની બંધારણની કંઇ કલમમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત,ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણનો હક છે

ઉત્તર : ૪૬.

(૧૧૮) શિક્ષણાર્થે ૧૯૯૪માં વિવિધ દેશોના પ્રતિનિધિઓની બેઠક ક્યાં ગોઠવી હતી ?

ઉત્તર : ભારતમાં.

(૧૧૯) કુટુંબ નિયોજન અને કુટુંબ કલ્યાણ કાર્યક્રમો ક્યારે શરૂ થયાં ?

ઉત્તર : ૧૯૨૧.

(૧૨૦) ઇ.સ.૧૯૯૯ થી I.E.D.C. નું સંચાલન કંઇ સંસ્થા કરે છે ?

ઉત્તર : GCERT.

(૧૨૧) વિકલાંગોને સમાન તકો,અધિકારોનું રક્ષણ,પૂર્વ ભાગીદારી માટેનો ધારો ક્યારે પાડવામાં આવ્યો ?

ઉત્તર : ૧૯૯૫.

(૧૨૨) શિક્ષણના ધ્યેયો અનુસાર નીચેનામાંથી કયો એક શિક્ષણનો પ્રકાર નથી ?

ઉત્તર : અર્થાત્મક.

(૧૨૩) ગુજરાત સરકારે કયા વર્ષને 'કન્યા કેળવણી વર્ષ' તરીકે જાહેર કર્યું હતું ?

ઉત્તર : ૨૦૦૨-૦૩.

(૧૨૪) વિદ્યાલક્ષ્મી યોજના અંતર્ગત દરેક કન્યાઓને કેટલી રકમ બોંડ તરીકે અપાય છે ?

ઉત્તર : ૧૦૦૦.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૨૫) પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ સંદર્ભે 'ઓપરેશન બ્લેક બોર્ડ' કાર્યક્રમ ક્યારે શરૂ થયો ?

ઉત્તર :૧૯૯૭-૯૮.

(૧૨૬) 'પ્રવૃતિ દ્વારા શિક્ષણનો ખ્યાલ' કયા શિક્ષણશાસ્ત્રીએ આપ્યો ?

ઉત્તર : જહોન ડ્યુઇ.

(૧૨૭) સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું ધ્યેય સિદ્ધ કરવા માટે 'Plan of Action' ક્યારે અમલી બન્યો ?

ઉત્તર : ૧૯૯૫.

(૧૨૮) ગુણાત્મક શિક્ષણને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે ૧૯૯૫માં કયો અભ્યાસક્રમ અમલમાં મૂક્યો હતો?

ઉત્તર :લઘુતમ શિક્ષણ અધ્યયન.

(૧૨૯) ગુણતાલક્ષી શિક્ષણ અર્થે કંઇ સંસ્થા કાર્યરત છે ?

ઉત્તર : NCTE-NCERT.

(૧૩૦) NCERT નું વડુંમથક ક્યાં આવેલું છે ?

ઉત્તર : નવી દિલ્હી.

(૧૩૧) GCERT નું વડુંમથક ક્યાં આવેલું છે ?

ઉત્તર : ગાંધીનગર.

(૧૩૨) નીચેનામાંથી NCERT ના પ્રમુખ તરીકે કોણ હોય છે ?

ઉત્તર : માનવ સંશાધન પ્રધાન.

(૧૩૩) ઇંદીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય ક્યાં આવેલી છે ?

ઉત્તર : દિલ્હી.

(૧૩૪) નેશનલ ડીફેંસ એકેડમી ક્યાં આવેલી છે ?

ઉત્તર : ખડકવાસલા.

(૧૩૫) બીરલા ઇંસ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી ક્યાં આવેલી છે ?

ઉત્તર : રાંચી.

(૧૩૬) ઇંડીયન ઇંસ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી ક્યાં આવેલી છે ?

ઉત્તર : દિલ્હી.

(૧૩૭) ઓલ ઇંડીયા ઇંસ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી ક્યાં આવેલી છે ?

ઉત્તર : દિલ્હી.

(૧૩૮) ભારતમાં ઇંડીયન ઇંસ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી કેટલી છે ?

ઉત્તર : ૮.

(૧૩૯) ભારતમાં ઇંડીયન ઇંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેંટ કેટલી છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : ૬.

(૧૪૦) રાષ્ટ્રીય ઔષધિ શિક્ષા તેમજ અનુસંધાન સંસ્થા ક્યાં આવેલી છે ?

ઉત્તર : મોહાલી.

(૧૪૧) 'શિક્ષકની વાણી અને વર્તનમાં તફાવત ન હોવો જોઇએ' આ વિધાન કોનું છે ?

ઉત્તર : મેકેનન.

(૧૪૨) ગ્રામીણ ઉચ્ચ શિક્ષણ સમિતિ ક્યારે રચવામાં આવી ?

ઉત્તર : ૧૯૫૮.

(૧૪૩) ઇંદીરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલયની સ્થાપના ક્યારે થઇ હતી ?

ઉત્તર : ૧૯૮૩.

(૧૪૪) ભારતમાં લઘુતમ સિદ્ધિકક્ષા (M.L.L) નો વિચાર પ્રસાવનાર કેળવણીકાર કોણ હતાં ?

ઉત્તર : ડૉ.રવિન્દ્રભાઇ દવે.

(૧૪૫) શિક્ષણ સંસ્થાઓમાં અપાતું શિક્ષણ કેવું ગણાય છે ?

ઉત્તર :ઓપચારિક.

(૧૪૬) રમત અંગેના સરપ્લસ એનર્જી સિદ્ધાંતના પ્રણેતા કોણ છે?

ઉત્તર : શિલર અને હર્બટ સ્પેન્સર.

(૧૪૭) રમત અંગેના પુન:સર્જનાત્મક (Re-creative Theory) સિદ્ધાંતના પ્રણેતા કોણ છે?

ઉત્તર : જે.ટી.ડબલ્યુ પેટ્રીક અને લોર્ડકેમસ.

(૧૪૮) સંભાવનાનો સિદ્ધાંત (Probability Theory)ના પ્રણેતા કોણ છે?

ઉત્તર : કાર્લગ્રુસ

(૧૪૯) સાર કે ઉપસંહાર સિદ્ધાંત (Theory of Comprehension) કોણે આપ્યો છે ?

ઉત્તર : સ્ટેનલે હોલ.

(૧૫૦) લાગણીની અભિવ્યક્તિનો સિદ્ધાંત (Theory of Emotional Expression) કોણે આપ્યો છે ?

ઉત્તર : સર ટીપીન.

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



- મનોવિજ્ઞાનનો અર્થ

  - મનોવિજ્ઞાન ( Psychology-સાયકોલૉજી) શબ્દ ગ્રીક ભાષાના Psyche – (સાયકી) અને Logos – (લોગોસ) શબ્દનો બનેલો છે; જેમાંના Psyche – (સાયકી) શબ્દનો અર્થ થાય છે આત્મા અને Logos – (લોગોસ) નો અર્થ થાય છે વિજ્ઞાન.આમ,શરૂઆતમાં શબ્દાર્થના આધારે મનોવિજ્ઞાનને "આત્માના વિજ્ઞાન" તરીકે ઓળખવામાં આવ્યું.પરંતુ વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત થવાની સફરમાં આત્મા પછી મન અને છેલ્લે ચેતનાને પણ છોડવી પડી અને મનોવિજ્ઞાન આત્માનું વિજ્ઞાન બની રહ્યું.
  - મનોવિજ્ઞાન એ માનવીના બાહ્ય,આંતરિક,શારીરિક,માનસિક વર્તનનો અભ્યાસ કરનારું વિજ્ઞાન છે.

- મનોવિજ્ઞાનની વ્યાખ્યા

1. "મનોવિજ્ઞાન માનવી અને પ્રાણીના વર્તનનું વિજ્ઞાન છે." – સી.ટી.મોર્ગન.
2. "મનોવિજ્ઞાન માનવીની તમામ માનસિક અને શારીરિક પ્રવૃતિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે." – હિલગાર્ડ એટકીનસન.
3. "મનોવિજ્ઞાન વાતાવરણના સંદર્ભમાં માનવી અને માનવેતર પ્રાણીઓના વ્યક્ત થતાં વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે." – એચ.ઇ.ગેરેટ.

ઉપર્યુક્ત વ્યાખ્યાઓને આધારે સર્વસામાન્ય વ્યાખ્યા આ મુજબ છે :

4. "મનોવિજ્ઞાન એ જુદા જુદા સંદર્ભમાં માનસિક પ્રક્રિયાઓ,અનુભવો અને વર્તનનો અભ્યાસ કરનારું વિજ્ઞાન છે."

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in



1.જૈવિય અભિગમ

જૈવિય અભિગમ શરીરરચનાશાસ્ત્ર સાથે જોડાયેલું છે. વેબર,ફેકનર અને હેલ્મહોટ્ઝે માનવીય વર્તનને સમજવા માટે જૈવિય અભિગમની અભ્યાસપદ્ધતિઓ અને માન્યતાઓનો આધાર લીધો હતો.જૈવિય અભિગમ માનવવર્તનને સમજવા માટે વ્યક્તિના મૂળમાં રહેલા રંગસૂત્રો,જનીનતત્વો,ગ્રંથિઓનાં રસસ્ત્રાવો,ચેતાપ્રવાહો,શરીરરચના,જ્ઞાનેન્દ્રિયો,સ્નાયુતંત્ર અને કર્મેન્દ્રિયો વગેરેનો આધાર લે છે.

2. વાર્તનિક અભિગમ (ઉદ્દીપક પ્રતિક્રિયા અભિગમ)

જે.બી.વોટ્સને મનોવિજ્ઞાનને માત્ર વર્તનને વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું અને વાર્તનિક અભિગમ આપ્યો.વ્યક્તિને તેનાં વર્તન દ્વારા જ સમજવો જોઇએ અને માત્ર જોઇ શકાય તેવા પ્રગટવર્તનો જેવા કે વાણી,મુખભાવ,ચેષ્ટાઓ,શારીરિક હલનચલનને જ વર્તન ગણવું જોઇએ. આ અભિગમના વિકાસમાં ફાળો આપનાર મનોવૈજ્ઞાનિકોમાં વોટ્સન ઉપરાંત સ્કિનર,ગથ્રી,ટોલમેન વગેરેનો મુખ્ય ફાળો છે.

3. બોધાત્મક અભિગમ

આ અભિગમ અનુસાર માનવી કમ્પ્યૂટર જેવું યંત્ર છે,જેમાં ઉદ્દીપકની માહિતી અંદર જાય છે,તેના પર અર્થઘટન,પૃથક્કરણ જેવી બોધાત્મક પ્રક્રિયાઓ થાય છે અને પછી પ્રતિક્રિયાઓ બહાર આવે છે.આમ માનવી સ્વયંસ્ફુરિત રીતે સક્રિય હોય છે.

4. મનોગયાત્મક અભિગમ

આ અભિગમ માનવીનાં મનના અજ્ઞાત પાસા ઉપર ભાર મૂકે છે અને માનવવર્તનને મનનાં ગતિશીલ પરિબળો (પ્રેરણા,આવેગ)ના સંદર્ભમાં સમજાવવાનો પ્રયાસ કરે છે. આ સિદ્ધાંત ફ્રોઇડનો છે.આ અભિગમ વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વ માટે વારસા અને બાલ્યાવસ્થાના અનુભવોને ખૂબ જ મહત્વનાં ગણે છે.વ્યક્તિનાં અચેતન મનને તેના વર્તન માટે જવાબદાર ગણી તેના અભ્યાસ પર ભાર મૂકે છે.

5.માનવવાદી અભિગમ

આ અભિગમ માનવીનું ચિત્ર આશાવાદી અને હકારાત્મક ઉપસાવે છે. આ અભિગમ માનવીને શક્તિશાળી,ક્રિયાશીલ અને સમાજને અનુકૂળ ન બનીને રહેનારો ગણાવે છે.આ અભિગમના પ્રણેતાઓમાં અબ્રાહમ મેસ્લો,કાર્લ રોજર્સ,એરીક ફ્રોમ વગેરેનો સમાવેશ થાય છે.

6.સામાજિક-સાંસ્કૃતિક અભિગમ

આ અભિગમ માનવીનાં વર્તન માટે આજુબાજુનાં સામાજિક-સાંસ્કૃતિક પરિબળોને મહત્વનાં ગણાવે છે.માનવીનાં સારા કે ખરાબ વર્તન માટે તેનું વાતાવરણ જવાબદાર હોય છે.વ્યક્તિનાં વર્તન માટે તેનાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો,ધોરણો,દરજ્જો ,ભૂમિકાઓ જવાબદાર હોય છે.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

# મનોવિજ્ઞાનની વિવિધ અભ્યાસપદ્ધતિઓ

1.નિરીક્ષણ પદ્ધતિ ( Observation Method ) : માહિતી પ્રાપ્ત કરવાનો સૌથી સરળ માર્ગ હોય તો તે નિરીક્ષણ પદ્ધતિ છે.નિરીક્ષણ એટલે 'જોવું' - અવલોકન.દરેક વ્યક્તિના 'જોવા' પાછળ તેનો હેતુ,અભિગમ,વૈજ્ઞાનિકતા પ્રમાણે આ જોયેલું કેટલું મહત્વનું છે,તે નક્કી થાય છે.

વ્યાખ્યા :

- "નિરીક્ષણ એટલે કુદરતી ઘટનાઓનો કાર્યકારણના સંદર્ભમાં અભ્યાસ."
  - Oxford Concise Dictionary
- "આંખો દ્વારા હેતુપૂર્વક સ્વાભાવિક ઘટનાઓ કે બનાવોનો ક્રમબદ્ધ કરવામાં આવેલો અભ્યાસ એટલે નિરીક્ષણ." - યંગ
- "સમાજની જીવંત પરિસ્થિતિનું આંખો દ્વારા ક્રમિક,હેતુપૂર્વજક,વૈજ્ઞાનિક રીતે નિરીક્ષણકર્તા દ્વારા પોતાની રીતે કરવામાં આવેલ વિક્ષ્લેષણ એટલે નિરીક્ષણ." - ડી.એન.શ્રીવાસ્તવ.

નિરીક્ષણ પદ્ધતિના પ્રકારો :

અ.આંતર નિરીક્ષણ (Introspective Method) : આંતર નિરીક્ષણ પદ્ધતિ એટલે 'પોતાની અંદર અંતર્મુખ થઇને પોતાનામાં ચાલતા મનોવ્યાપારોનું નિરીક્ષણ. આ પદ્ધતિમાં વ્યક્તિએ જે-તે ઘટના કે બનાવ વખતે અનુભવેલી બાબતો પર કેંદ્રિત થઇ તેને જાણી,સમજીને,તેનું શાબ્દિક વર્ણન કરવાનું હોય છે. આ માટે ચોક્કસ તાલીમ લેવી અનિવાર્ય હોય છે.

બ.કુદરતી નિરીક્ષણ (Natural Observation Method) : આ પદ્ધતિમાં વ્યક્તિનો અભ્યાસ કુદરતી વાતાવરણમાં જ એટલે કે- કોઇપણ પ્રકારના નિયંત્રણ વગર કરવામાં આવે છે.આથી આ પદ્ધતિ અનિયંત્રિત નિરીક્ષણ પદ્ધતિ તરીકે પણ ઓળખાય છે.અહીં નિરીક્ષણકર્તા દ્વારા કોઇ પણ પ્રકારના સાધનનો ઉપયોગ કર્યા વગર ચોક્કસ ઘટનાના સંદર્ભમાં પ્રાણી,વ્યક્તિ કે સમૂહના વર્તનનું નિરીક્ષણ કરવામાં આવે છે.

દા.ત.,

- આતંકવાદના હુમલા બાદ ગામના લોકોના માનસ પર છવાયેલો ડરનો અભ્યાસ.
- બે તાસ વચ્ચેના સમયમાં વર્ગના વિદ્યાર્થીઓના વર્તનનો અભ્યાસ.

ક.વ્યવસ્થિત નિરીક્ષણપદ્ધતિ (Systematic Observation Method) : જ્યારે એકસાથે એકથી વધુ ઘટનાઓ આકાર લે ત્યારે કોઇ પણ નિરીક્ષક આ તમામ ઘટનાઓની રજેરજ માહિતી એકત્રિત ના કરી શકે.આથી ટેપ રેકોર્ડર,કેમેરા,વિડીયો કેમેરા વગેરે સાધનોના ઉપયોગ કરે છે, જેનાથી નિરીક્ષકની મર્યાદા ઉપરાંત વ્યક્તિલક્ષિતાની મર્યાદા પર પણ નિયંત્રણ શક્ય બન્યું છે અને તમામ બાબતોનો વ્યવસ્થિત અને વસ્તુલક્ષી અભ્યાસ શક્ય બન્યો.

ડ.ક્ષેત્ર નિરીક્ષણપદ્ધતિ (Field Observation Method) : આ પદ્ધતિમાં નિરીક્ષકે ઘટના કે બનાવના સ્થળ પર જઇને જ તેનો અભ્યાસ કરવો પડે છે.

દા.ત.,



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

- ઉત્તરાંચલમાં થયેલ પૂર-પ્રકોપનું નિરીક્ષણ ઉત્તરાંચલમાં થયેલ પૂર-પ્રકોપવાળા સ્થળ કે વિસ્તારમાં જ જઇને કરી શકાય.

ઇ.<u>સહભાગી નિરીક્ષણ (Participatory Observation)</u> : આ પદ્ધતિમાં નિરીક્ષકે એવી બાબતનો અભ્યાસ કરવાનો છે કે જે-તે જૂથ સિવાય અન્ય કોઇ પાસેથી માહિતી પ્રાપ્ત થઇ શક્તી નથી.ત્યારે નિરીક્ષક જે-તે જૂથનો સદસ્ય બની જાય છે.તેથી ચોક્કસ જૂથની ગતિવિધિઓનું ખૂબ જ બારીકાઇથી નિરીક્ષણ કરવાની તક મળે છે અને પોતાનું મૂળભૂત લક્ષ પ્રાપ્ત કરી શકે છે.

દા.ત.

- કોઇ ઢોંગી બાબાની પોલ ખોલવાની હોય તો તેના પરમ શિષ્ય બની અંદરની માહિતી મેળવી શકાય.

<u>ઈ.તુલનાત્મક નિરીક્ષણપદ્ધતિ (Comparative Observation Method)</u> : જ્યારે કોઇ પણ બે જૂથનાં કે બે વ્યક્તિના વર્તનની તુલના કરવાની હોય ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

દા.ત.,

- આધુનિક કિશોર અને પ્રૌઢ વ્યક્તિનું ટેક્નોલૉજીનું જ્ઞાન.

2.<u>દીર્ઘકાલીન,સમકાલીન અને વ્યક્તિ ઇતિહાસ પદ્ધતિ ( Longitudinal,Cross Sectional and Case History Method</u>) :

દીર્ઘકાલીન પદ્ધતિ :દીર્ઘકાલીન અભ્યાસ લાંબા ગાળા સુધી ચાલતો અભ્યાસ છે.વિકાસાત્મક મનોવિજ્ઞાનમાં બાળકોની ઉંમર વધવાની સાથે સાથે તેમનામાં આવતા વિકાસનાં પરિવર્તનોનો વ્યવસ્થિત અભ્યાસ કરવા માટે મોટે ભાગે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.આ ઉપરાંત મેડિકલ સાયન્સમાં રોગપ્રતિકારક રસીઓ બનાવવા અને તેની લાંબા ગાળાની અસરો ચકાસવા માટે,તેમજ જીવલેણ રોગોની દવાઓ અને દવાઓની સ્વાસ્થ પર થતી અસરોની ચકાસણી કરવાની હોય તો આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

સમકાલીન પદ્ધતિ : વિકાસના તબક્કાઓનો ઝડપી,એક જ સમયે અભ્યાસ કરવાનો હોય ત્યારે અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ તમામ ઉંમરની વ્યક્તિઓનો અભ્યાસ એક સાથે કરવામાં આવતો હોવાથી આ પદ્ધતિને સમકાલીન અભ્યાસ પદ્ધતિ કહેવાય છે.આ અભ્યાસપદ્ધતિ અનુપ્રસ્થ છેદીય અભ્યાસપદ્ધતિ કહેવાય છે.

વ્યક્તિ ઇતિહાસ પદ્ધતિ : આ પદ્ધતિમાં અભ્યાસની જરૂરત પ્રમાણે તેમાં ક્યારેક કુટુંબ અથવા જૂથનો પણ એક એકમ તરીકે અભ્યાસ થઇ શકે છે.આ અભ્યાસપદ્ધતિમાં વ્યક્તિના ભૂતકાળ તેમજ વર્તમાન પરિસ્થિતિ વિશે જાણકારી મેળવવામાં આવે છે.

3.<u>પ્રયોગ પદ્ધતિ</u> : પ્રયોગ પદ્ધતિ એ મનોવિજ્ઞાનનું હાર્દ છે.

વ્યાખ્યા :

- 'પ્રયોગ એટલે નિયંત્રિત પરિસ્થિતિમાં કરવામાં આવતું નિરીક્ષણ.'
- "પ્રયોગ એ હેતુપૂર્વક નક્કી કરેલી શરતોને આધારે ચોક્કસ પરિસ્થિતિ ઉત્પન્ન કરી,તેમાં જરૂરી નિયંત્રણો મૂકી કરવામાં આવેલું નિરીક્ષણ છે." -ટીત્શનર
- "પ્રાયોગિક પરિસ્થિતિમાં એક પરિવર્ત્યમાં હેતુપૂર્વક ફેરફાર કરી,તે ફેરફારની અન્ય <u>પરિવર્ત્ય</u>[1] પર શું અસર થાય છે તે જાણવા માટે બે <u>પરિવર્ત્ય</u>[1]ના પરસ્પરના સંબંધનું કરવામાંઆવતું નિરીક્ષણ છે." - બી.એફ.એંડરસન



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

પ્રયોગમાં પુનરાવર્તન શક્ય હોવાથી પરિણામોની વિશ્વસનીયતા સ્થાપિત કરી શકાય છે તેમજ પ્રયોગ પુનરાવર્તિત કરી તેનો ઝીણવટભર્યો અભ્યાસ કરવો શક્ય બને છે.

4.પ્રશ્નાવલી પદ્ધતિ (Questionnaire Method) :પ્રશ્નાવલી પદ્ધતિ એ કોઇ પણ સંશોધન માટે માહિતી એકત્રિત કરવાનું સૌથી સરળ,સસ્તુ અને ઘણા સંશોધકોને પ્રિય સાધન છે.પ્રશ્નાવલી એટલે ચોક્કસ માહિતી એકત્રિત કરવાના હેતુથી,જે-તે સમસ્યા/હેતુના સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલા પ્રશ્નોની યાદી/હારમાળા;જેમાં ઉત્તરદાતાએ દરેક પ્રશ્ન વાંચી,સમજી,વિચારીને ઉત્તર આપવાનો હોય છે.

5.મુલાકાત પદ્ધતિ (Intrerview Method) : ‘મુલાકાત એટલે રૂબરૂ મોઢામોઢની વાતચીત.’

વ્યાખ્યાઓ :

- “મુલાકાત એ સામાજિક આંતરક્રિયાની પ્રક્રિયા છે. – ગુડ અને હટ
- “મુલાકાત એક એવી આંતરવૈયક્તિક પરિસ્થિતિછે,જેમાં મુલાકાતી સંશોધનને લગતા પ્રશ્નોના ઉત્તર આપે છે.” - કરલિંગર
- “મુલાકાત એ મુલાકાત લેનાર અને મુલાકાત આપનારના મૌખિક વિચારોનું આદાન-પ્રદાન છે.જેમાં મુલાકાત લેનારનો હેતુ મુલાકાત આપનારના વિચારો,અભિપ્રાયો,માન્યતાઓ,મનોવલણો જાણીને તે દ્વારા ચોક્કસ માહિતી એકત્રિત કરવાનો છે.” - મેકોબી અને મેકોબી

- મુલાકાત પદ્ધતિનો મુખ્ય લાભ એ છે કે,અહીં મુલાકાત લેનાર મુલાકાતીના હાવભાવ અને ચેષ્ટાને આધારે પ્રશ્નોના ઉત્તરો સાચા છે કે નહિ,તે અંગેનો નિર્ણય લઇ શકે છે.

6.મનોવૈજ્ઞાનિક કસોટી (Psychological Test) : મનોવૈજ્ઞાનિક કસોટી એ વ્યક્તિનાં વર્તન લક્ષણોનું કે વર્તનનાં વિવિધ સ્વરૂપોનું માપન કરે છે.

વ્યાખ્યા :

- “મનોવૈજ્ઞાનિક કસોટી વ્યક્તિનાં વર્તનનાં નમૂનાનું વસ્તુલક્ષી માપન કરે છે.” - અનાસ્ટસી
- “મનોવૈજ્ઞાનિક કસોટી એ વ્યક્તિની માનસિક પ્રક્રિયાઓ,લક્ષણો કે વિશેષાતાઓનું ગુણાત્મક કે પરિણાત્મક માપન કરવાની પ્રવિધિ છે.” -બીને
- “મનોવૈજ્ઞાનિક કસોટી એટલે બે કે તેથી વધું વ્યક્તિઓના વર્તનનું તુલનાત્મક માપન કરવાની રીત છે.” – ક્રોનબેક

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

## પાઠ્યપુસ્તક આધારિત પ્રશ્નોતર

(૧) મનોવિજ્ઞાનને વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત કરનાર મનોવૈજ્ઞાનિક કોણ છે ?

ઉત્તર : વિલ્હેમ વુલ્ટ

(૨) મનોવિજ્ઞાનને વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત કરવાનો સફળ પ્રયત્ન ક્યાં અને કંઇ સાલમાં થયો હતો ?

ઉત્તર : 1879 માં જર્મનીના લીપ્ઝિગ શહેરમાં.

(૩) "મનોવિજ્ઞાન એવું વાર્તનિક વિજ્ઞાન છે જેમાં ભૌતિકશાસ્ત્ર જેવાં પ્રાકૃતિક વિજ્ઞાનો અને સમાજશાસ્ત્ર,નૃવંશશાસ્ત્ર જેવાં સામાજિક વિજ્ઞાનોનો સમન્વય  કરવામાં આવે છે." આ વિધાન કોનું છે ?

ઉત્તર : સી.ટી.મોર્ગન.

(૪) આધુનિક મનોવિજ્ઞાનને વ્યવસ્થિત અને પ્રયોગાત્મક સ્વરૂપ આપવાનો યશ કોને ફાળે જાય છે ?

ઉત્તર : વિલ્હેમ વુલ્ટ.

(૫) વૈજ્ઞાનિક મનોવિજ્ઞાનના પિતા તરીકે કોણે ઓળખવામાં આવે છે ?

ઉત્તર : વિલ્હેમ વુલ્ટ.

(૬) ભારતમાં મનોવિજ્ઞાનની પ્રથમ પ્રયોગશાળા ક્યાં સ્થાપવામાં આવી હતી ?

ઉત્તર : 1905 માં બોર્જેંદનાથ સીલ દ્વારા કોલકાતા યુનિવર્સિટી (કોલકાતા) ખાતે .

(૭) "વૃદ્ધિ એટલે શરીરના કદ,આકાર અને બંધારણમાં થતો ફેરફારો" વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ક્રો એન્ડ ક્રો.

(૮) "વૃદ્ધિને શારીરિક પરિવર્તનોમાં જોઇ શકાય છે,તેથી વૃદ્ધિ એટલે કોષીય ગુણાકાર" વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ફ્રેન્ડ.

(૯) "વિકાસ એ ગુણાત્મક ફેરફાર છે.પરિપક્વતાના લક્ષ્ય તરફ લઇ જતા ક્રમબદ્ધ,સુસંવાદી અને પ્રગત્યાત્મક  ફેરફારો એટલે વિકાસ" વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ઇલિઝાબેથ હરલોક.

(૧૦) "વિકાસની પ્રક્રિયા ક્રમિક પણ છે અને સતત ચાલતી પ્રક્રિયા પણ છે." વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : સ્કીનર.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૧૧) “સમગ્ર દેહતંત્રમાં થતો ફેરફાર એ વિકાસ છે.” વ્યાખ્યા કોની છે ?

ઉત્તર : ક્રો એન્ડ ક્રો.

(૧૨) બાળકના વિકાસના મુખ્ય ત્રણ વિભાગો કોને પાડ્યાં છે ?

ઉત્તર : દુર્ગાનંદ સિંહા.

(૧૩) દુર્ગાનંદ સિંહાએ બાળકના વિકાસના મુખ્ય કયા વિભાગો પાડ્યાં છે ?

ઉત્તર : ઘર,શાળા અને સમવયસ્કો.

(૧૪) બોધાત્મક વિકાસનો સિદ્ધાંત કોને આપ્યો છે ?

ઉત્તર :જીન પિયાજે.

(૧૫) મનોજાતીય વિકાસનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો છે ?

ઉત્તર : ફ્રોઇડ.

(૧૬) જીવન-વિકાસ તબક્કાનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો છે ?

ઉત્તર : એરિક-એરિક્સન.

(૧૭) વારસો (અનુવંશ) એટલે શું ?

ઉત્તર :એક પેઢીમાંથી બીજી પેઢીને મળતાં જૈવિક લક્ષણો એટલે વારસો.

(૧૮) ‘ The Origin of the Species’ પુસ્તકના લેખક કોણ છે ?

ઉત્તર : ચાર્લ્સ ડાર્વિન.

(૧૯) વિકાસને અસર કરતાં પરિબળો કેટલાં છે ?

ઉત્તર : બે.(વારસો અને પર્યાવરણ)

(૨૦) વ્યક્તિમાં દેખાતાં પ્રગટ લક્ષણો એ કેવો વારસો કહેવાય ?

ઉત્તર : પ્રગટ અથવા પ્રભાવી વારસો.

(૨૧) નૈતિક વિકાસની ત્રણ કક્ષાઓ કોણે દર્શાવી છે ?

ઉત્તર : કોહલબર્ગ.

(૨૨) ઉદ્યમશીલતા વિરુદ્ધ લઘુતા તબક્કાની ચર્ચા કોણે કરી છે ?

ઉત્તર : એરિક્સન.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૨૩) આપણા શરીરના કોષોમાં રંગસૂત્રોની કેટલી જોડ હોય છે ?

ઉત્તર : ૨૩.

(૨૪) રંગસૂત્રો શેના બનેલા હોય છે ?

ઉત્તર : DNA (Deoxyribonucleic Acid) ના.

(૨૫) DNA ક્યાં હોય છે ?

ઉત્તર : પ્રજનનકોષના કેંદ્રમાં.

(૨૬) DNAનું મુખ્યકાર્ય શું છે ?

ઉત્તર : પ્રોટીનનું રાસાયણિક ઉત્પાદન કરવાનું.

(૨૭) શારીરિક અને માનસિક લક્ષણોના વારસાના વાહકો તરીકે કોને ઓળખવામાં આવે છે ?

ઉત્તર : જનીનતત્વોને.

(૨૮) બાળકોને માતા પિતા દ્વારા વારસામાં મળેલાં પૂર્ણ જનીનતત્વોના સમૂહને શું કહે છે ?

ઉત્તર : જીનોટાઇપ.

(૨૯) વ્યક્તિને જેના દ્વારા ઓળખી શકાય છે એવાં અવલોકિત લક્ષણોના સમૂહને શું કહે છે ?

ઉત્તર : ફીનોટાઇપ.

(૩૦) પુખ્ત વ્યક્તિના મગજનું વજન કેટલા કિગ્રા હોય છે ?

ઉત્તર :૧.૩૬ કિગ્રા.

(૩૧) પુખ્ત વ્યક્તિનું મગજ કેટલા ચેતાકોષો ધરાવે છે ?

ઉત્તર : ૧૦ અબજ.

(૩૨) મગજસ્કંધની ટોચ પર ચેતાકોષોના ઝૂમખાનો બનેલો પિંડ આકારનો અવયવ આવેલ હોય છે,તેન કયા નામે ઓળખાય છે ?

ઉત્તર : થેલેમસ.

(૩૩) કયું તંત્ર પ્રાચીન સસ્તન પ્રાણીઓના મગજના આકારને મળતું આવે છે ?

ઉત્તર : સીમાવર્તીતંત્ર.

(૩૪) સીમાવર્તીતંત્રનું કાર્ય શું છે ?

ઉત્તર : શરીરનું તાપમાન,લોહીનું દબાણ,લોહીમાં શર્કરાનું પ્રમાણ જેવી શરીરની આંતરિક ક્રિયાઓનું નિયમન કરવાનું.

(૩૫) મસ્તિષ્ક ગ્રંથિ ક્યાં આવેલી છે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર :મગજના અંદરના ભાગમાં.

(૩૬) કંઠગ્રંથિમાંથી કયો સ્ત્રાવ ઝરે છે ?

ઉત્તર : થાયરોક્સિન.

(૩૭) આપણા પૂર્વજો પાસેથી મળેલા શારીરિક અને મનોવૈજ્ઞાનિક લક્ષણોના અભ્યાસને શું કહે છે ?

ઉત્તર : નૃવંશશાસ્ત્ર.

(૩૮) PQRST પ્રયુક્તિની શોધ કોણે કરી હતી ?

ઉત્તર : થોમસ અને રોબિન્સે.

(૩૯) મનોરોગોના નિદાનમાં મદદ કરવા માટે " મીનેસોટા વિવિધલક્ષી વ્યક્તિત્વ સંશોધનિકા" કસોટી કોણે રચી છે ?

ઉત્તર : હેથવે અને મેકકીનલ

(૪૦) વ્યક્તિત્વ ઘટકોની સંશોધનિકા કોણે રચી છે ?

ઉત્તર : કેટલ.

(૪૧) શાહીના ડાઘાની કસોટી કયા મનોવૈજ્ઞાનિકે વિકસાવી છે ?

ઉત્તર : હરમન રોર્શાક. (સ્વિટ્ઝરલેન્ડ)

(૪૨) શાહીના ડાઘાની કસોટી કંઇ સાલમાં શોધાઇ ?

ઉત્તર : ૧૯૨૧ માં.

(૪૩) વિષય અધિપ્રત્યક્ષ કસોટી (Thematic Apperception Test=TAT) કયા મનોવૈજ્ઞાનિકે વિકસાવી છે ?

ઉત્તર : મોર્ગન અને મરે.

(૪૪) ચિત્ર વૈફલ્ય કસોટી કયા મનોવૈજ્ઞાનિકે વિકસાવી છે ?

ઉત્તર : રોઝનવીંગ.

(૪૫) વાક્યપૂર્તિ કસોટીનો સૌપ્રથમ પ્રયોગ કોના દ્વારા થયો હતો ?

ઉત્તર : પાઇન અને ટંડલર દ્વારા ૧૯૩૦ માં.

(૪૬) પ્રેરણાઓના શ્રેણીક્રમનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

ઉત્તર : અબ્રાહમ મેસ્લો.

(૪૭) સિદ્ધિપ્રેરણાનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

ઉત્તર : મેક્લેલેન્ડ.



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

(૪૮) "બુદ્ધિ એટલે સારી રીતે સમજવાની,સારી રીતે નિર્ણય લેવાની અને સારી રીતે તર્ક કરવાની શક્તિ." આ વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકે આપી છે ?

ઉત્તર : બિને અને સાયમન.

(૪૯) "વ્યક્તિ જેટલા પ્રમાણમાં અમૂર્ત રીતે વિચારવાની શક્તિ ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બુદ્ધિમાન હોય છે." બુદ્ધિની આ વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકે આપી છે ?

ઉત્તર : ટર્મન.

(૫૦) "બુદ્ધિ એટલે પર્યાવરણના કોઇ પણ સંદર્ભ સાથે અનુકૂલન કરવા માટે અથવા તેને ઘાટ આપવા માટે અથવા તેને પસંદ કરવા માટે જરૂરી માનસિક શક્તિઓ." આ વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકની છે ?

ઉત્તર : સ્ટર્નબર્ગ.

(૫૧) બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

ઉત્તર : ગાર્ડનર.

(૫૨) બુદ્ધિ અંગેનો "ત્રિપુટી સિદ્ધાંત" કોણે આપ્યો છે ?

ઉત્તર : સ્ટનબર્ગ.

(૫૩) આયોજન,ધ્યાન અને પ્રક્રિયાનો 'પાસ' સિદ્ધાંત કોણે આપ્યો છે ?

ઉત્તર : જે.પી.દાસ.

(૫૪) બુદ્ધિઆંકનો ખ્યાલ કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો ?

ઉત્તર : સ્ટર્ને.

(૫૫) બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર કયું છે ?

ઉત્તર : $\text{બુદ્ધિઆંક} = \dfrac{\text{માનસિક વય}}{\text{શારીરિક વય}} \times ૧૦૦$

(૫૬) જો બાળકની શારીરિક અને માનસિક વય સરખી હોય તો બુદ્ધિઆંક કેટલો આવે ?

ઉત્તર : ૧૦૦.

(૫૭) જો છ વર્ષના બાળકની માનસિક વય નવ વર્ષ હોય તો તેનો બુદ્ધિઆંક કેટલો આવે ?



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

ઉત્તર : $\frac{૯}{૬}$ × ૧૦૦ = ૧૫૦ આવે.

(૫૮) જો દસ વર્ષના બાળકની માનસિક વય આઠ વર્ષ હોય તો તેનો બુદ્ધિઆંક કેટલો આવે ?

ઉત્તર : $\frac{૮}{૧૦}$ × ૧૦૦ = ૮૦ આવે.

(૫૯) અશાબ્દિક બુદ્ધિ કસોટીની રચના કોણે કરી છે ?

ઉત્તર : રેવન.

(૬૦) પહેલી વ્યક્તિગત બુદ્ધિકસોટી કોણે રચી ?

ઉત્તર : બિને અને સાયમન.

(૬૧) પહેલી વ્યક્તિગત બુદ્ધિકસોટી કંઇ ભાષામાં અને ક્યારે રચાઇ હતી ?

ઉત્તર : ફ્રેંચ ભાષામાં ૧૯૦૫ માં.

(૬૨) વેક્સલરની શાળા પૂર્વેની અને પ્રાથમિક શાળાની કક્ષા માટેની કસોટી (WPPSI) કેટલા વર્ષના બાળકોની સમગ્ર બુદ્ધિ અને કાર્યોના ગુણાંક માપે છે ?

ઉત્તર : ૪ થી ૬.૫ વર્ષનાં બાળકો.

(૬૩) વેક્સલરની બાળકો માટેની કસોટી (WISC) કેટલા વર્ષના વ્યક્તિઓ માટે રચી છે ?

ઉત્તર : ૬ થી ૧૬ વર્ષના.

(૬૪) વેક્સલરની પુખ્ત વયની વ્યક્તિઓ માટેની કસોટી (WAIS) કેટલા વર્ષના વ્યક્તિઓનની બુદ્ધિ માપે છે ?

ઉત્તર : ૧૬ થી વૃદ્ધાવસ્થા સુધીની પુખ્ત વ્યક્તિઓની.

(૬૫) 130 થી વધારે બુદ્ધિઆંકવાળા લોકોને કેવા કહેવાશે ?

ઉત્તર : ઉચ્ચ પ્રતિભાશાળી.

(૬૬) 70 થી ઓછા બુદ્ધિઆંકવાળી વ્યક્તિઓને કેવા કહેવાશે ?

ઉત્તર : માનસિક રીતે પછાત,મંદ કે મનોદુર્બળ

(૬૭) બુદ્ધિઆંકનું વિતરણ .....



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

| બુદ્ધિઆંક | વર્ણન | બુદ્ધિઆંક | વર્ણન |
|---|---|---|---|
| 130 થી વધુ | અતિ ઉચ્ચ બુદ્ધિ | 80 થી 89 | મંદ સરેરાશ બુદ્ધિ |
| 120 થી 130 | ઉચ્ચ બુદ્ધિ | 70 થી 79 | સીમાં પ્રાંતીય બુદ્ધિ |
| 110 થી 119 | તેજ સામાન્ય બુદ્ધિ | 70 થી નીચે | માનસિક પછાત |
| 90 થી 109 | સરેરાશ બુદ્ધિ | | |

(૬૮) ભારતમાં ૧૯૩૦ માં ઉર્દૂ અને પંજાબી ભાષાઓમાં બુદ્ધિકસોટિઓની રચનાનો પહેલો વ્યવસ્થિત પ્રયાસ કોણે કર્યો હતો ?

ઉત્તર : ડૉ.રાઇસ.

(૬૯) બંગાળી ભાષામાં બુદ્ધિકસોટિઓની રચના કોણે કરી હતી ?

ઉત્તર : મહાલનબીસે બિન.

(૭૦) ગુજરાતી ભાષામાં નવી બુદ્ધિકસોટિઓની રચના કોણે કરી હતી ?

ઉત્તર : ડૉ.કૃષ્ણકાંતદેસાઇ.

(૭૧) વિષય અધિપ્રત્યક્ષ કસોટી કયા મનોવૈજ્ઞાનિકે વિકસાવી છે ?

ઉત્તર : મોર્ગન અને મરેએ.

(૭૨) ચિત્રો દ્વારા હતાશાનો અભ્યાસ પ્રવિધિ કયા મનોવૈજ્ઞાનિકે વિકસાવી છે ?

ઉત્તર : રોઝેનઝવાઇગન.

(૭૩) વ્યક્તિત્વ ઘટકોની શોધનિકા કોને રચી છે ?

ઉત્તર : કેટેલે.

(૭૪) વંશીય જૂથો પ્રત્યેના મનોવલણનું માપન કરવા માટે “સામાજિક અંતરતુલા” પદ્ધતિ કોણે વિકસાવી છે ?

ઉત્તર : બોગાર્ડસ.

(૭૫) આરોપણના સિદ્ધાંતનો સ્થાપક કોણ છે ?

ઉત્તર : ફ્રીત્ઝ હાઇડર.

¤¤¤¤¤¤¤¤¤¤



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

# કેટલીક જાણીતી કસોટીઓ ....

| ક્રમ | રચનાર | કસોટીનું નામ | બુદ્ધિ કસોટીનો પ્રકાર | કોના માટે ? |
|---|---|---|---|---|
| 1 | ડૉ.નંદશંકર શુક્લ | ગુજરાતી બાળકોની બુદ્ધિમાપન કસોટી | શાબ્દિક/વ્યક્તિગત | ૨ થી ૨૨ વર્ષ માટે |
| 2 | ડૉ.કૃષ્ણકાંત દેસાઇ અને ડૉ.ચંપાબહેન ભટ્ટ | ગુજરાતી બાળકોની સમૂહ બુદ્ધિમાપન કસોટી | શાબ્દિક/સામૂહિક | ૧૨ થી ૧૮ વર્ષ |
| 3 | ડૉ.ગુણવંત શાહ | શાહ અશાબ્દિક-બુદ્ધિમાપન કસોટી | અશાબ્દિક | ૭.૫ થી ૧૪.૫ વર્ષ |
| 4 | ડૉ.જે.એચ.શાહ | સ્ટેનફર્ડ બિને(૧૯૬૦)કસોટીનું ગુજરાતી રૂપાંતર | શાબ્દિક/વ્યક્તિગત | ૪ થી ૧૮ વર્ષ |
| 5 | ડૉ.એમ.એલ.જોષી | વેક્સલરની પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિક બુદ્ધિ કસોટીનું ગુજરાતી રૂપાંતર | શાબ્દિક/ અશાબ્દિક | ૪ થી ૭ વર્ષ |
| 6 | ડૉ.મહેંદ્રિકા ભટ્ટ | વેક્સલરની બાળકો માટેની બુદ્ધિ કસોટીનું ગુજરાતી રૂપાંતર | શાબ્દિક/ અશાબ્દિક | ૬ થી ૧૬ વર્ષ |
| 7 | ડૉ.પીના શેઠ | વેક્સલરની પુખ્તો માટેની કસોટીનું ગુજરાતી રૂપાંતર | શાબ્દિક/ અશાબ્દિક | ૧૪ થી ૬૦ વર્ષ |
| 8 | ડૉ.મધુરીબેન શાહ | અમૂર્ત બુદ્ધિ કસોટી | અશાબ્દિક/વ્યક્તિગત | ૧૩ થી ૧૬ વર્ષ |
| 9 | ડૉ.ડી.એમ.ભાવસાર | ભાવસારની અશાબ્દિક કસોટી | અશાબ્દિક/વ્યક્તિગત | ૧૨ થી ૧૮ વર્ષ |
| 10 | ડૉ.લીલા પટેલ | ક્રિયાત્મક બુદ્ધિ કસોટી | અશાબ્દિક/વ્યક્તિગત | ૬ થી ૧૫ વર્ષ |
| 11 | ડૉ.પ્રયાગ મહેતા | ગ્રુપ ટેસ્ટ્સ ઓફ ઇન્ટેલિજન્સ | અંગ્રેજી/હિંદી | ૧૨ થી ૧૪ વર્ષ |
| 12 | ડૉ.સી.એમ.ભાટિયા | બેટરી ઓફ પર્ફોર્મન્સ ટેસ્ટ્સ ઓફ ઇન્ટેલિજન્સ | અશાબ્દિક | ૧૧ થી ૧૬ વર્ષ |
| 13 | એસ.જલોટા | ગ્રુપ ટેસ્ટસ ઑફ મેન્ટલ એબિલિટી (અંગ્રેજીમાં) | શાબ્દિક/ સમૂહ | ૧૩ થી ૧૫ વર્ષ |
| 14 | આર.રામલિંગસ્વામી | ઇંડિયન એડેપ્ટેશન ઓફ WAIS (અંગ્રેજીમાં) | મિશ્ર | ૧૫ થી ૪૫ વર્ષ |
| 15 | ડૉ.પ્રમીલા ફાટક | માણસ દોરો કસોટી | અશાબ્દિક | ૬ વર્ષથી ઉપર |
| 16 | ભાનુબહેન શાહ | સમૂહ બુદ્ધિમાપન કસોટીઓ | શાબ્દિક/ સમૂહ | ૧૩ થી ૧૬ વર્ષ |
| 17 | કૃષ્ણકાંત દેસાઇ અને સુકેશ શર્મા | ઇન્ટેલિજન્સ (અંગ્રેજીમાં) | શાબ્દિક/ સમૂહ | ૧૩ થી ૧૭ વર્ષ |



Download From www.GujaratKesari.com

Download From 247naukri.blogspot.in

| ક્રમ | રચનાર | કસોટીનું નામ | બુદ્ધિ કસોટીનો પ્રકાર | કોના માટે ? |
|---|---|---|---|---|
| 1 | રિખવચંદ શાહ | અંકશક્તિ કસોટી | શાબ્દિક/ સમૂહ | ૧૩ થી ૧૭ વર્ષ |
| 2 | ભાનુબહેન શાહ | અવકાશીય સંબંધોની કસોટી | અશાબ્દિક/ સમૂહ | ૧૨ થી ૧૬ વર્ષ |
| 3 | કૃષ્ણકાંત દેસાઇ | અંગુલિ કૌશલ્ય કસોટી | અશાબ્દિક | ૧૩ થી ૧૫ વર્ષ |
| 4 | અનિલ અંબાસણા | કલા પરખ કસોટી | અશાબ્દિક | ૧૧ થી ૧૮ |
| 5 | પી.એ.ત્રિવેદી | યાંત્રિક અર્થબોધ કસોટી | અશાબ્દિક | ૧૩ થી ૧૬ |
| 6 | ઉર્વશી દેસાઇ | શાબ્દિક અભિયોગ્યતા કસોટી (ગુજરાતી) | શાબ્દિક/ સમૂહ | ૧૩ થી ૧૬ |
| 7 | દુષ્યંત શુક્લ | સંગીત અભિયોગ્યતા કસોટી | કેસેટના રૂપમાં | ૧૦ થી ૧૪ વર્ષ |

(૭૬) પિયાજેના બોધાત્મક વિકાસના તબક્કાઓ જણાવો.

ઉત્તર :

| ઉંમર | તબક્કો | લક્ષણો |
|---|---|---|
| જન્મથી બે વર્ષ | સાંવેદનિક કારક તબક્કો | જન્મથી કેવળ પ્રતિક્ષિપ્ત ક્રિયા કરતું બાળક પ્રતિકાત્મક રીતે વિચારવાનું શરૂ કરે છે.તેને થતા સંવેદનાત્મક અનુભવોને ભૌતિક ક્રિયાઓ સાથે સંકલિત કરીને જગતને ઓળખે છે.પદાર્થો સ્થાયી હોય છે એવો ખ્યાલ બંધાય છે. |
| બેથી સાત વર્ષ | પૂર્વક્રિયાત્મક તબક્કો | બાળકની વિચારણા અહંકેંદ્રિત હોઇ તે બીજાના દ્રષ્ટિકોણને ધ્યાનમાં લેતું નથી.બાળક જગતને શબ્દો અને પ્રતિમાઓ વડે નિર્દેશી તે દ્વારા જગતને સમજવાની શરૂઆત કરે છે. |
| સાતથી બાર વર્ષ | મૂર્ત(પદાર્થલક્ષી )ક્રિયાત્મક તબક્કો | મૂર્ત પદાર્થો અને ઘટનાઓ વિશે તાર્કિક રીતે વિચારી શકે છે અને સમજાવી શકે છે.પદાર્થોનું જુદા-જુદા સમૂહોમાં વર્ગીકરણ કરી શકે છે. એના એ જ પદાર્થમાં ફેરફાર થવા છતાં તેના કેટલાક લક્ષણો એનાં એ જ રહે છે તેવી સમજ પ્રાપ્ત થાય છે. |
| બાર વર્ષથી આગળ | અમૂર્ત ક્રિયાત્મક તબક્કો | બાળક અમૂર્ત વિચારો કરી શકે છે.તેનામાં તાર્કિક અને વ્યવસ્થિત તેમજ ચિંતનાત્મક વિચારશક્તિ વિકસે છે. |

Download From www.GujaratKesari.com